'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ
મૈત્ર્યાદિ ૪ ભાવના, પરોપકાર અને કૃતજ્ઞતાભાવની અનુપ્રેક્ષાઓનો સંપૂટ

# પરમ ભદ્રંકર મૈત્રી અને પરોપકાર

|| ૩ ||




પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય
સંકલન : પંન્યાસ વજસેનવિજય ❊ આચાર્ય હેમપ્રભસૂરિ

કરુણા એ જ તત્ત્વ છે.

કરુણા એ જીવમાત્રને સગી માતા કરતાં પણ વધુ હિત કરનારી છે, તેથી માતાની જેમ પૂજનીય, પિતાની જેમ પાલનીય છે, બંધુ અને મિત્રની જેમ સેવનીય તથા ગુરુ અને સ્વામીની જેમ તે અતિ આદરણીય છે.

મન - વચન - કાયાથી કરુણા આચરવા, તે માનવભવમાં જ સુલભ છે, તેથી જ માનવભવ દુર્લભ છે.

શ્રાવકકુળમાં જ તે જન્મથી પ્રાપ્ત થાય છે, માટે શ્રાવકકુળમાં જન્મ પ્રશંસનીય છે.

પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

॥ श्री शिवंकराय भद्रंकराय नमोनमः ॥

પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજા



मयि तद्रुपं सोऽहं ।
પરમાત્માનું રૂપ મારામાં છે અને તે જ હું છું.

આગમન : સંવત ૧૯૫૯ ને માગશર સુદ ત્રીજ (ઇ.સ.૧૯૦૨)
ઉર્ધ્વગમન : સવંત ૨૦૩૬ ને વૈશાખ સુદ ચૌદસ (ઇ.સ.૧૯૮૦)

શ્રી શત્રુંજયા આદિનાથાય નમઃ



શ્રી ગીરનારજી નેમીનાથાય નમઃ



શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ





**આ QR Code ઉપર મોબાઈલથી સ્કેન કરતાં જ આપને 'હસ્તાક્ષર થીમ સોંગ' સાંભળવા મળશે.**

'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ
મૈત્ર્યાદિ ૪ ભાવના, પરોપકાર અને કૃતજ્ઞતાભાવની અનુપ્રેક્ષાઓનો સંપૂટ

# પરમ ભદ્રંકર મૈત્રી અને પરોપકાર

॥ ૩ ॥




**પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય ❋ આચાર્ય હેમપ્રભસૂરિ

**PARAM BHADRANKAR MAITRI ANE PAROPKAR**

Personal Diaries comprising of Divine thoughts regarding Maitri, Promod, Karuna, Madhystha, Paropkar and Krutgnta Bhav by Panyashshri Bhadrankar Vijayji Maharaj.

**VOLUME - 3 / 9**

Year 2023 • સંવત્ ૨૦૭૯ • 1000 Copies / 120 Pages • For Private Circulation only.

**PUBLISHER**

© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust

Mumbai / Vadodara / Rajkot

team@mindfiesta.com

**SPONSOR**

Shri C. K. Mehta
Vadodra | Mumbai

**ENHANCED & DESIGNED BY**

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 1.
bharti@mindfiesta.com
+91 98252 15500

**eBOOKS AVAILABLE AT**

- www.bhadrankar.com
- www.navkarday.com
- Amazon Kindle
- Telegram : HastaksharNuAkshayPatra





અંતિમ ૭/૮ વર્ષોમાં પૂજ્યપાદ પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબના કરૂણારસથી તરબતર 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' ગ્રંથોમાંના વર્ણમાતૃકા રૂપ ચિંતનોએ અનેકોના હૃદયને કરૂણાવંત બનાવ્યા છે. હજ્જારો પાનાંઓ ભરીને ૪ ભાવના-પરોપકાર-કૃતજ્ઞતાના અજબ - ગજબના ચિંતનો તેમણે વ્હેતાં કર્યા, જેનાથી અધ્યાત્મરૂચિવંત પૂણ્યાત્માઓ ભાવિત બનતાં રહ્યાં અને તેના ફળસ્વરૂપે આ લઘુ સાહિત્ય પણ ખૂબ પમરતું રહ્યું. તેઓની રોજનીશીમાંના નિમ્નલિખિત ચિંતનમાંથી એક્વાર ખરેખર પસાર થવા જેવું છે:

'ગ્લાનની સેવા એ તીર્થંકરની સેવા છે. કરૂણામાં તીર્થંકરની સેવા જેટલું પુણ્ય રહેલું છે. કરૂણારહિત હૃદય પરમ કારૂણિક જિનેશ્વર ભગવંત અને તેમનાં પ્રવચનને ન સમજી શકે! હીનગુણી આત્મા પ્રત્યે જે કરૂણા ધારણ કરે, તેમના ઉપર અધિક ગુણી આત્માઓની કરૂણા કુદરતી રીતે જ વરસે છે. કરૂણા અધિક ગુણવાળા સાધકની સાથે મિલન કરાવી આપનાર એક મિત્ર છે. જીવલોકનું અમૃત તથા ધર્મરૂપી મહાપ્રાસાદના બે પાયા એટલે 'આત્મતુલ્ય પરજીવ' એવી સમજણ અને 'પર પ્રત્યે આત્મતુલ્ય' વર્તન હોવું તે.'

આવા અમૂલ્ય ચિંતનોને આ લઘુ પુસ્તિકામાં વીંટીને તેના ચતુર્થ ભાગરૂપે આપણા સુધી પહોંચાડવામાં વડોદરા-મુંબઈના સુશ્રાવકરત્ન **સી.કે.મહેતા**ની જબ્બર ગુરૂભક્તિ સાથેનું અર્થસારથિપણું તેમ જ રાજકોટના અમારા સુશ્રાવિકા **ભારતીબેન દિપકભાઈ મહેતા**ની ભક્તિપૂર્વકનો પુરૂષાર્થ અતિવ સહાયક બની રહેલ છે.

આ. મનમોહનસૂરિ
હેમપ્રભ વિ.

# ગુરૂમહારાજના સર્જનો એટલે અનંત આયામી સાધના...



એવા અનેક પત્રો મને મળતાં રહે છે જેમાં લખ્યું હોય છે કે: 'વર્તમાન જિનશાસનની સીક્લ બદલી શકે, એવા હસ્તાક્ષરનાં અક્ષયપાત્રોમાંના આ લઘુભાગો વિષયવાર હોવાથી અધ્યાત્મ સસ્નેહીજનો પોતાને આકર્ષતાં વિષયોમાં રસક્ષતિ થયાં વગર તેમાં એકધારૂં ઊંડે સુધી ખેડાણ કરી શકે છે. આ કાર્ય કરીને આપે શ્રી સંઘ ઉપર ઘણો-ઘણો જ ઉપકાર કર્યો છે વગેરે...' ત્યારે અગણ્ય ભવિજનોની અધ્યાત્મપ્રીતિ વધતી જોઈને મને મારા પૂજ્ય ગુરૂમહારાજની કૃતિઓ વધુ અને વધુ અર્થપૂર્ણ લાગી રહી છે! મને એમ થાય છે કે તેમણે હજ્જારો પાનાં લખ્યાં અને મૌનપણે વિદાય લીધી એ પૂર્વે પણ ક્યારેય કોઈને ય એ વિષે કોઈ જ સૂચનો પણ ન કર્યાં! એને કેવી તો નિ:સ્પૃહતાની ઊંચાઈ અને ઊંડાઈ ગણવી? મારૂં જીવન મને જે રીતે આજે છલોછલ લાગી રહ્યું છે, તેનું એકમાત્ર શ્રેય તેઓને જ જાય છે! થાય કે આનંદની આ છોળો હું ક્યાં સમાવીશ?

ગુરૂ મહારાજ એટલે મૈત્રી-પ્રમોદ-કરૂણા-માધ્યસ્થ-પરોપકાર અને કૃતજ્ઞતાનું સાચું સરનામું, મુજ જીવનનું પરમોચ્ચ સદ્ભાગ્ય અને આ ગ્રંથોના સર્જનનો મને મળેલો લાભ એટલે મારા હવે પછીનાં નવ્યજીવનનું પણ શ્રેષ્ઠ ભાથું! સાહેબજી, તમારી કૃપાથી ભવોભવ સુધી મને તમારા એ સરનામામાંથી પોષણ-રક્ષણ મળી જ રહેશે ને?

વડોદરા/મુંબઈ/પૂના

સી. કે. મહેતા

ॐ <u>શુભ સંકલ્પ</u> ॐ

ચૈત્ર સુદ ૮, સં. ૨૦૧૯થી ચૈત્ર સુદ ૮, સં. ૨૦૨૨ સુધીના
ઓછામાં ઓછા આ ત્રણ વર્ષ
હું શરીર, મન અને વાણીનો દુરુપયોગ થતો અટકાવીશ,
કે જેથી હું મારી ૬૪ વર્ષની વયે
પરમોચ્ચ આંતરિક શાંતિને પામી શકું.

o

I decide to stop the wastage of
my body, mind and speech
for at least 3 years
starting from 31-3-63 to 31-3-66,
so that I can obtain inner peace
at the age of 64.

હું વિશ્વ આધ્યાત્મનો જન્મોજન્મથી તરસ્યો છું.
મૈત્રી અને પરોપકાર સ્વોત્કર્ષના અમૂલ્ય સાધન છે.
પરિગ્રહને 'સારો' માનનાર કૃતરા ફરિયાદ છે.

સમતાથી અધિક કોઈ પ્રસન્નતા નથી.

અરિહંત = મૈત્રીભાવ, અરિહંતાણં - મૈત્રીભાવને નમસ્કાર.
અરૂહંત = પ્રમોદભાવ, અરૂહંતાણં - પ્રમોદભાવને નમસ્કાર.
અરહંત = કરૂણા અને માધ્યસ્થભાવ.
અરહંતાણં - કારૂણ્ય અને માધ્યસ્થભાવને નમસ્કાર.

અરિહંતના ધ્યાનથી મમભાવ જાય, અરૂહંતના ધ્યાનથી સમભાવ આવે અને અરહંતના ધ્યાનથી નમભાવ આવે.
પહેલાં સમભાવની કદર, પછી પ્રાપ્તિ. 'વિશ્વ સમરસ છે' એવા બોધથી પ્રમોદ જાગે છે, તેથી સમરસતા વધે છે.
કરૂણાભાવ અને માધ્યસ્થ્યભાવ પૂર્ણતાને અપાવે છે,
પ્રમોદભાવ અવ્યાબાધ સુખ અપાવે છે અને
મૈત્રીભાવ રાગાદિને દૂર નાંખે છે.

શું પંચ પરમેષ્ઠિનો જાપ એ નમસ્કાર?

એકાંતે પંચ પરમેષ્ઠિનો જાપ એ નમસ્કાર નથી, પરન્તુ પંચ પરમેષ્ઠિમાં રહેલ સર્વ જીવની કરૂણાનો પરિણામ, જીવો સાથે આત્મતુલ્ય બોધ એ નિશ્ચય નમસ્કાર છે.

જગત પ્રેમ વગર સૂકું છે,
કિન્તુ સાચો પ્રેમ તો એક ભગવાન જ આપી શકે છે.
જેઓ માંગે છે, ઈચ્છે છે, તલસે છે, તેમને માટે જ
ભગવાન તલસે છે, તેમને માટે જ ભગવાન આવે છે.
કરુણા સ્વ-પર દુઃખ અને પાપનો ધ્વંસ કરનારી છે.
પોતાની માટે પાપાકરણ નિયમનો હેતુ છે.
'પાપ ન કરવું' એટલે બીજાને પીડાકારક ન થવું અને
પોતાના આત્માને પણ દુર્ગતિપાતથી બચાવ લેવો.
આ જાતિની સ્વ-પર ઉભય પ્રત્યેની કરુણાવૃત્તિ
બીજાના અપરાધોની પણ નિવૃત્તિ કરાવનાર થાય છે
અને પર પ્રત્યેની કરુણાવૃત્તિ
સંક્લેશિત અને કર્મની બોજ તેમને નિષ્પાપ બનાવે છે.
સ્વ પ્રત્યે કરુણાવૃત્તિ ઇંદ્રિય-મનના અસંયમથી ઉગારે છે.
કરુણાવૃત્તિ એ જ પ્રભુની આજ્ઞા હોવાથી
'આજ્ઞાપાલનમાં ધર્મ છે' એનો અર્થ
સ્વ-પર પ્રત્યેની કરુણાવૃત્તિમાં ધર્મ છે, એમ થયો.

જ્યાં કરુણા, ત્યાં અહિંસા છે. જ્યાં અહિંસા, ત્યાં કરુણા છે.
અહિંસા જીવો પ્રતિ કોમળતા અને કર્મો પ્રતિ કઠોરતા જગાવે.
જીવો પ્રતિ જેટલી કરુણા, તેટલી જ કર્મો પ્રતિ તીક્ષ્ણતા.
'જૈન'ની બે માત્રા એટલે જિનભક્તિ અને જીવમૈત્રી.
જિનભક્તિ તથા જીવમૈત્રી એ ભાષા નહિ, ભાવ છે.
તે આત્માથી જીવાતું શાસન છે.

ગુણવાન પુરુષ તેના સંપર્કમાં આવનારને ગુણી કરે જ.
મારામાં રહેલો ગુણ જો અન્યને ગુણી ન કરે,
તો તેમાં ગુણનું ગુણત્વ જ રહેતું નથી.
'સ્વભાવ'ને કારણે જ ગુણવાન અન્યને ગુણી કરે.
સ્યાદ્વાદરૂપી અહિંસા અને વ્યવહારરૂપી અહિંસા
કરુણાભાવને પરમ ધર્મ તરીકે સિદ્ધ કરે છે,
તેથી કરુણા અને અહિંસા અભિન્ન બની જાય છે.
કરુણા એ ધર્મની જનની - ધર્મની શક્તિ છે.
કરુણાવાન પાપ આચરી શકતો નથી અને તેની કરુણાના
પ્રભાવે બીજાઓ પણ પાપાચરણ કરતાં ભય પામે છે.

કરુણાના ગર્ભમાં રત્નત્રયી રહેલા છે.

સ્વ-પર ઉભયને કલ્યાણકારી એક કરુણા જ છે.

કરુણા જ્ઞાનસ્વરૂપ, દર્શનસ્વરૂપ, ચારિત્રસ્વરૂપ છે.

દેવતત્ત્વ અને ગુરુતત્ત્વ કરુણાથી ભરપૂર છે.

ધર્મતત્ત્વ અને શાસ્ત્ર પણ કરુણારસથી છલોછલ ભરપૂર છે.

કરુણામાં મૈત્રી, પ્રમોદ અને માધ્યસ્થ્ય પણ છે.

વિષયનો વૈરાગ્ય વિષયની કટુતાના જ્ઞાનથી જેટલો થતો નથી, તેટલો જીવો પ્રત્યેના કરુણાભાવથી થાય છે.

ધર્મનું તત્ત્વ કરુણા છે. પ્રભુભક્તિમાંથી કરુણા ઝરે છે.

ગુરુઓની ચર્યામાં કરુણા ઓતપ્રોત છે.

શાસ્ત્રનાં વચનોમાં કરુણા ઉભરાય છે.

ધર્મની ક્રિયાઓનું ધ્યેય કરુણાભાવ વિકસાવવાનું છે.

અજ્ઞાન, મોહ, અવિરતિ, પ્રમાદ, કષાય અને
અશુભયોગોથી કરુણા ઘવાય છે.

કરુણાના શત્રુભૂત રોષાદિ બધા દોષો ત્યાજ્ય છે.

કર્મ પણ જીવનો વૈરી છે, માટે ત્યાજ્ય છે.

## કરુણા એ જ તત્ત્વ છે.

કરુણા એ જીવમાત્રને સગી માતા કરતાં પણ વધુ હિત કરનારી છે, તેથી માતાની જેમ પૂજનીય, પિતાની જેમ પાલનીય છે, બંધુ અને મિત્રની જેમ સેવનીય તથા ગુરુ અને સ્વામીની જેમ તે અતિ આદરણીય છે.

મન - વચન - કાયાથી કરુણા આચરવી, તે માનવભવમાં જ સુલભ છે, તેથી જ માનવભવ દુર્લભ છે.

શ્રાવકકુળમાં જ તે જન્મથી પ્રાપ્ત થાય છે,
માટે શ્રાવકકુળમાં જન્મ પ્રશંસનીય છે.

સાધુપણામાં જ તેનું સંપૂર્ણ પાલન શક્ય છે, તેથી સાધુ ધર્મ જ સર્વ ધર્મોનાં શિરોમણિભૂત ગણાય છે.

કરુણાધર્મ જ જીવમાત્રનું
ધારણ, પાલન, પોષણ અને સંવર્ધન કરે છે.

કરુણા સર્વને પ્રિય છે,
સર્વને વલ્લભ છે, સર્વને પૂજ્ય છે, માટે ધર્મ પૂજ્ય છે.

ધર્મનો પ્રારંભ જ સર્વના વિચારથી છે.

## એક જીવના હૃદયમાં રહેલ

જીવમાત્ર પ્રત્યેની કરુણા જીવમાત્રને સુખદાયી છે.
સર્વના હિતાર્થે થયેલો ધર્મ એક જણ શરૂ કરે છે, તો તેનો લાભ સર્વને મળે છે. તેથી ભાવના કરવી કે એ માટે ચતુર્વિધ સંઘ વિશ્વવાત્સલ્યના ભાવવાળો બને. 'શ્રી અરિહંત પરમાત્મા, તેમનો ધર્મ અને તેને આચરનાર ચતુર્વિધ શ્રી સંઘ વિશ્વવાત્સલ્યના ભાવથી ભરેલો છે' એવા વર્તમાન જગતના માનવીઓને જાણ કરવી તથા વિશ્વવાત્સલ્યથી ભરપૂર પંચપરમેષ્ઠિની ભક્તિ કરવી. એ ભક્તિ શ્રી સંઘમાં વૃદ્ધિ પામે, એવો ઉપદેશ ગીતાર્થ ગુરુઓ કરે છે. એ ઉપદેશથી ભાવિત થયેલો સંઘ વિશ્વમાં શ્રી જિનધર્મનું ગૌરવ વધારનારો થાય છે.

વિશ્વની અવસ્થા અદૃષ્ટથી છે,
અદૃષ્ટ ઉપર પ્રભાવ જીવોના ભાવનો છે,
જીવોના ભાવ ઉપર પ્રભાવ પંચ પરમેષ્ઠિનો છે અને
પંચ પરમેષ્ઠિ ઉપર પ્રભાવ વિશ્વવાત્સલ્યભાવનો છે.

## ધર્મના તત્ત્વજ્ઞાનનો સાર - કરુણા

વિશ્વવત્સલ ભાવને સ્થાપનાર જીવોની કરુણા છે.
કરુણાનો વિષય જીવોની સંસારમાં કરુણ સ્થિતિ છે.
કરુણ સ્થિતિ ચૈતન્યને પીગળાવે છે અને
તેમાંથી ધર્મના ભિન્ન - ભિન્ન ઘાટ ઘડાય છે.
કરુણા વડે ધર્મ અને ધર્મ વડે કરુણા વૃદ્ધિ પામે છે.
આમ સંસારની સ્થિતિ અને જીવોની ઉત્ક્રાંતિ ચાલે છે.
કરુણાભાવના આદરથી ધર્મની શરૂઆત થાય છે.
એ આદરનું નામ 'નમસ્કાર ભાવ' છે.

## જીવોની ઉત્ક્રાંતિ - કરુણાથી.

નમસ્કારભાવથી કરુણાભાવનો આદર વધે છે.
વધેલો કરુણાભાવ ધર્મસ્વરૂપ હોઈ,
તેનાથી જીવોની ઉત્ક્રાંતિ થાય છે.
એક કરુણામાં જ સર્વ પાપને અને સર્વના પાપને
ઓછાં - વધતાં અંશે અટકાવવાની શક્તિ છે.
કરુણાભાવથી પાપ અટકે છે અને ધર્મ પ્રસરે છે.

પ્રત્યેક ધર્માનુષ્ઠાનમાં મૈત્ર્યાદિ ૪ છે.

૪માંથી એક એક નહિ પણ ચારેચાર અતિ આવશ્યક છે.

મૈત્રી સર્વ સત્ત્વવિષયક હોવાથી અને તેના પરિણામ
પ્રમોદાદિ હોવાથી એ ચારે ભાવો એકી સાથે રહે છે.
એ ચારમાંથી અન્યતમ એકેનું વચન ક્યાંય મળતું નથી,
એ પણ જણાવે છે કે ચારે ય સાથે જ હોય છે.

ચારેયનો પરસ્પર અવિનાભાવ સંબંધ છે.

પ્રણિધાનાદિ લક્ષણોમાં પણ ચારે ભાવો પડેલાં છે.
અનુષ્ઠાનમાં વચન અને યથોદિત - એ બે અંશ
વીતરાગ અને શાસ્ત્ર પ્રત્યેના પ્રમોદને કહે છે.

યોગ૦ શ્લોક ૨૨૬/૭/૮ : 'અહિંસા લક્ખણસ્સ।'
આ પદ જણાવે છે કે કરુણા એ ધર્મનું લક્ષણ છે,
તેથી અનુષ્ઠાનમાં મૈત્રી છે.

પ્રત્યેક અનુષ્ઠાન સર્વહિતકર હોવાથી અને તે જીવોમાં
કેટલાંક ઉપેક્ષણીય હોવાથી જો તેમના પ્રત્યે મૈત્રી ન હોય,
તો આપણા અનુષ્ઠાનનો લાભ તે જીવોને ન થાય.

બધાને પોતાના વિચારમાં લાવવાનો પાયો મૈત્રીભાવ છે.

આત્મભાવનાં વિસ્તાર અનુસાર મૈત્રીભાવનો વિસ્તાર થાય.

તે ભાવનાનાં વિસ્તાર માટે પરમાત્મભાવને અને પરમાત્મભાવની શરણાગતિ માટે નવકારને શરણે જવું પડે.

મૈત્રી અને કરૂણા સકલ સત્ત્વવિષયક હોય. પ્રમોદ ભાવના પણ સર્વ જીવમાં રહેલ ચૈતન્ય માટે ઘટે. માધ્યસ્થ્ય કે ઉપેક્ષા પણ સર્વ સત્ત્વવિષયક ન હોય.

## યતમાન સંજ્ઞા વૈરાગ્ય અને ૪ ભાવના

રાગ-દ્વેષના સ્વરૂપના ભાનપૂર્વક તે ઇન્દ્રિયોને તે તે વિષયોમાં રાગ-દ્વેષપૂર્વક ન પ્રવૃત્ત થવા દેવાની ઇચ્છાથી

ચિત્તના તે મલોનો દાહ કરવા માટે

મૈત્રી, કરૂણા, મુદિતા અને ઉપેક્ષાની ભાવનાના આરંભરૂપ જે પ્રયત્ન છે, તે 'યતમાન સંજ્ઞા વૈરાગ્ય' છે.

મૈત્ર્યાદિ ભાવનાવાળાના જે કોઈ અભ્યંતર વ્યાપારો છે, તે સ્તુતિ - દાનાદિ બાહ્ય સાધનોથી નિરપેક્ષ હોવા છતાં

પ્રકૃષ્ટ (શુક્લ) ધર્મને ઉત્પન્ન કરે છે.

'ઉતાસ્તાં ભાવપરિણતૌ મુક્તિઃ ન તત્ર ઉતાઃ ।'

શંકા: આ મૈત્રી આદિ ભાવોની પરિણતિમાં મોક્ષ છે. મોક્ષમાં આ ભાવનાઓ હોતી નથી.

'સંસાર ભાવોત્તીર્ણત્વાત્ ।'નો અર્થ આ સંસારમાં જેવી પ્રવૃત્તિરૂપ મૈત્રી દેખાય છે, તેવી મૈત્રી સિદ્ધાવસ્થામાં નથી. આ વચનથી સિદ્ધગત વિલક્ષણ મૈત્રીનો નિષેધ કેમ થઈ શકે? અલબત્ત યોગીનું ચિત્ત ભાવનાથી રહિત હોય, પરન્તુ ભાવપરિણતિ સ્વરૂપભાવનો નિષેધ કેમ થઈ શકે?

'જ્ઞાનસાર'ના માધ્યસ્થ્યાષ્ટકના અંતિમ શ્લોકમાં: માર્ગપતિત, અપુનર્બંધક, માર્ગાભિમુખ, સમ્યગ્દૃષ્ટિ, દેશવિરત અને સર્વવિરતને વિષે ચારિચરક સંજીવન્ય ચરક-ચારણ ન્યાયથી હિતની ઇચ્છા (પ્રવૃત્ત્યાત્મક મૈત્રી) કરી છે. ઉચ્ચભૂમિકાને સ્પર્શેલ મહામુનિને નીચેના જીવો પ્રત્યે તે ન્યાયથી હિત પ્રવૃત્તિ હોય. દેશવિરતને સર્વવિરત પ્રત્યે તે ન્યાય ન ઘટે. તાત્પર્ય કે પાત્રમાં પ્રવૃત્તિ કરવી. આ વાત પ્રવૃત્તિ પૂરતી જ છે, બાકી ભાવના તો સર્વ વિષે જ કરી છે.

મુનિની મૈત્રી અપુનર્બંધકને અપ્રમત્તગુણ તરફ લઈ
જતી હોય એમ લાગે છે. મૈત્રી તે આત્મગુણ છે.
તે દર્શનને દર્શન, જ્ઞાનને જ્ઞાન, ચારિત્રને ચારિત્ર બનાવે.
સમ્યગ્જ્ઞાન અને મૈત્રીને વિખૂટાં ન પાડી શકાય.
ચારિત્રનું તો લક્ષણ જ ઉપશમ છે.
એ રીતે ભાવચતુષ્ટય સર્વત્ર અનુસ્યૂત છે.
તે સર્વ શાસ્ત્રોનો નિગર્ભ છે, એને સાંભળવાની
યોગ્યતા માટે અદ્વેષ, જિજ્ઞાસા, શુશ્રૂષા હોવાં જોઈએ.
મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય નવકારમાં ભાવરૂપે
અને સામાયિકમાં ક્રિયારૂપે અનુસ્યૂત છે.
ભાવ વિનાની ક્રિયા - ક્રિયા વિનાનો ભાવ જો નિરપેક્ષ
હોય, તો નિષ્ફળ બને છે; જો સાપેક્ષ હોય, તો સફળ છે.
સ્નેહ ન હોવો એ જ મોહ, અજ્ઞાન, વિપર્યાસ કે દ્વેષ છે,
તેથી તે બધાને જીતવા તે બધાના શત્રુસ્વરૂપ એવા
સ્નેહનો પરિણામ એ જ ઉદ્દેશ્ય અને આદરણીય છે;
તે જ શ્રદ્ધેય, ધ્યેય અને આરાધ્ય છે.

આપણે કોઈને દુઃખ આપતાં નહિ અને
બીજા આપણને દુઃખ આપતાં નહિ,
વળી આપણે પાપ કરતાં નહિ અને
બીજા ઉત્તમ જીવો પણ પાપ કરતાં નહિ,
તેની પાછળ પ્રભુના ઉપદેશની વિશ્વવ્યાપી અસર છે.

<u>પ્રભુનો અનુગ્રહ વિશ્વવ્યાપી છે.</u>

આપણે ધર્મ કરીએ, ધર્મથી સદ્ગતિ પામીએ, ઉત્તરોત્તર મોક્ષના અવ્યાબાધ સુખના અધિકારી થઈએ છીએ અને તે રીતે જે જે જીવો ધર્મ પામીને યાવત્ મોક્ષ મેળવે છે, તેની પાછળ પ્રભુનો ઉપદેશ અને તીર્થનો પ્રભાવ છે.

એ તીર્થ પ્રભુની કરુણાથી સ્થાપિત થાય છે, તેથી 'સર્વજ્ઞ પ્રભુની કરુણા વ્યાપી છે' એ કથન સત્ય છે. પ્રભુની આજ્ઞાનું પાલન ઊર્ધ્વગતિ તથા એનું ખંડન અધોગતિ આપે છે, તે અધોગતિ પણ જીવનું શુદ્ધિકરણ કરી ઉત્તરોત્તર ઊર્ધ્વગતિમાં લઈ જનારી થાય છે. એ બધાની પાછળ પ્રભુની વિશ્વવત્સલતા રહી છે.

પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય એ જીવનો સ્વભાવ છે.
તેનો પ્રતિબંધક મૈત્રીનો અભાવ છે, દ્વેષનો સદ્ભાવ છે.
પ્રમોદાદિ ગુણો આત્મધર્મરૂપ હોવાથી દ્વેષના સ્થાને
સ્નેહ આવે એટલે તે એની મેળે આવિર્ભાવ પામે છે.

Imp સ્નેહનો પરિણામ ભૂખ્યાંને અન્ન આપવારૂપે,
તરસ્યાંને જળ આપવારૂપે, નાગાને વસ્ત્ર આપવારૂપે,
આશ્રયરહિતને આશ્રય આપવારૂપે,
આવેલાને આસન આપવારૂપે, શરીરથી શુશ્રૂષારૂપે,
વચનથી આશ્વાસનરૂપે, મનથી હિતચિન્તનરૂપે અને
મન, વચન, ધન, તન આદિ સર્વ વડે ગુણવાનને
નમસ્કારરૂપે પ્રગટ થાય છે, તેથી તે ધર્મ છે.

દ્વેષ કેવળ સ્નેહના પરિણામથી જ ટાળવો શક્ય છે,
બીજી કોઈ રીતે શક્ય નથી.

નમસ્કારનો ભાવ જીવરાશિ પ્રત્યે સ્નેહને વિસ્તારે છે.
જે ભાવ સ્નેહમાંથી કોઈને પણ પીડા નહિ આપવાની
પ્રતિજ્ઞાના માર્ગે દોરી જાય છે, તે સામાયિકનો ભાવ છે.

જ્ઞાનનું ફળ મોક્ષ, મોક્ષનું ફળ ભક્તિ,
ભક્તિનું ફળ છે વિરતિ અને વિરતિનું ફળ સદ્ગતિ છે.

સિદ્ધપણું ફળ છે, અરિહંતપણું બીજ છે.
મોક્ષાભિલાષ એ ફળની અભિલાષા છે અને
મોક્ષ અભિલાષ એ બીજની ઇચ્છા છે.

ખાવાના કામમાં અનાજ આવે, ખેતર નહિ પણ અનાજના અર્થીએ પ્રથમ ગવેષણા ખેતરની કરવી જોઇએ.

શાસનની પ્રભાવનામાં 'શાસન' એટલે સર્વને સુખી કરવાની ભગવાનની ઇચ્છા તથા શાસન પ્રભાવના એટલે એ ઇચ્છાની જગતમાં પ્રભાવના કરવી. અનુષ્ઠાનો પણ ભગવાનની ભાવનાની પ્રભાવના માટે છે. સર્વત્ર શુભમાં ભગવાનનો કરુણાભાવ વ્યાપક રીતે કાર્ય કરી રહ્યો છે, તે શોધવું - સ્વીકારવું અને પ્રચારવું, તેનું જ નામ 'નમ્રતાનો ભાવ' છે, એ જ સાચો નમસ્કાર છે. મનથી જે વિચારાય, વચનથી જે બોલાય, કાયાથી જે જે વર્તાવ થાય, તેમાં ભગવાનની ભાવનાની મુખ્યતા ગણાવી.

ભગવાનના સગાં એ આપણા સગાં.

ભગવાનના સગાં કોણ? સાચું જગત.

આપણે સૌ જાણીએ છીએ કે નવ પ્રકારના પુણ્ય છે. અન્ન પુણ્ય સહિત મનપુણ્યથી પવિત્ર અંતઃકરણવાળો બનેલો જીવ પ્રભુની કરુણાશક્તિને ઝીલી શકે છે. 'પ્રભુની કરુણા સર્વ જીવોના દુઃખોનો ઉચ્છેદ કરવા સમર્થ છે' એવું ભાન પવિત્ર અંતઃકરણવાળા જીવોને જ થઈ શકે છે. જેઓ નવ પ્રકારના પુણ્ય વડે અઢાર પ્રકારના પાપોનું પ્રક્ષાલન કરી પવિત્ર અંતઃકરણવાળા બને છે, તેઓના હૃદયમાં જ પ્રભુની અનંત કરુણાની ઝાંખી થઈ શકે છે.

અપવિત્ર અંતઃકરણવાળા જીવોના હૃદયમાં પ્રભુની કરુણાનો સ્પર્શ થઈ શકતો નથી.

મૈત્રીભાવથી પવિત્ર અંતઃકરણવાળા જીવોને જ ધર્મના અધિકારી માનવા જોઈએ.

ધર્મની શક્તિ ભ્રાતૃભાવથી જ ત્રિભુવનવ્યાપિની છે. તે ધર્મ શુદ્ધ અંતઃકરણવાળા જીવોમાં જ પ્રતિબિંબિત થાય.

પ્રભુના શાસનમાં રહેવાનું શીખવાને સંસાર એક શાળા છે.
શાસન એ ભવ્યકુટુંબ છે. ભગવાન સૌ સાથે સંકળાયેલા છે,
કેમકે તેઓ તેમનાથી જ ઊંચા આવ્યા છે.

'પ્રભુના સંબંધી તે મારા સંબંધી'

તે માનવામાં જેટલી અધૂરાશ, તેટલો પ્રભુ પર પ્રેમ ઓછો છે.
આપણને અત્યારે ભગવાનની સાથે છૂટાછેડા ચાલે છે.
આપણે એકલા ભગવાનને જ પ્રેમ કરીએ, તે ન ચાલે.
ભગવાન પણ આપણને પ્રેમ કરે, ત્યારે જ કામ થાય.
ભગવાન આપણને ત્યારે જ પ્રેમ કરે કે ભગવાનના
સંબંધીઓને પણ આપણે પ્રેમ કરીએ, સંસારરૂપ પિયરની
મમતા છોડી શાસનરૂપ સાસરીયાં ઉપર આપણો પ્રેમ જોડીએ.
મુક્તિ માટે વિરતિ, વિરતિ માટે ભક્તિ, ભક્તિ માટે
મૈત્રી, મૈત્રી માટે ક્ષમાપના, ક્ષમાપના માટે દુષ્કૃતગર્હા,
દુષ્કૃતગર્હા માટે સુકૃતાનુમોદના, સુકૃતાનુમોદના માટે
કૃતજ્ઞતા, કૃતજ્ઞતા માટે સહજ યોગ્યતા, સહજ યોગ્યતા
માટે તથાભવ્યત્વ, ભવિતવ્યતા તથા પ્રારબ્ધ અને

સૌ બધા માટે શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાનું બહુમાન,
આજ્ઞાના બહુમાન માટે આજ્ઞાના પ્રભાવનું જ્ઞાન, આજ્ઞાના
પ્રભાવજ્ઞાન માટે વિશ્વના સ્વરૂપનું અવલોકન,
આજ્ઞામાં એ પ્રભાવ આવવાનું કારણ જીવ,
લોકનું હિત કરવાની બુદ્ધિમાંથી આજ્ઞાની ઉત્પત્તિરૂપ
'સર્વ સુખી થાઓ' એવી ભાવના અને
તેમાંથી ફલિત થતાં સર્વ અનુષ્ઠાન મૈત્રીના ફૂલ છે.
મૈત્રીની ભાવપરિણતિ એ સ્વરૂપભાન રૂપ છે.
સ્વરૂપભાન અને ક્ષાયિકભાવ - બંને એક જ છે.

<u>પ્રભુ પાસે ત્રણ વસ્તુ નિરંતર પ્રાર્થવાથી</u>
<u>સર્વ ઇચ્છિતની સિદ્ધિ થાય છે:</u>
<u>(૧) પ્રભુની આજ્ઞા (૨) ગુરૂની આજ્ઞા (૩) જીવોની મૈત્રી.</u>

અહિંસાના પ્રભાવે અંતરમાંથી રાગ-દ્વેષ, ગમા-અણગમા
ઓછાં થાય, ચિત્તમાં વાત્સલ્યજન્ય પ્રસન્નતાનો સ્પર્શ
વધુ આત્માનુભવ થાય અને જીવનમાં વિશ્વમૈત્રીની
ભાવનાની પ્રતિષ્ઠા થાય, તો જ ધર્મરક્ષા સાર્થક ઠરે.

રાગ અને દ્વેષમાં દ્વેષ નિર્બળ છે,

તેથી તેને કાઢવા માટેનો ઉપાય પહેલો જ લેવો જોઈએ.

દ્વેષ ટળ્યે રાગ નીકળે અને દ્વેષ મૈત્ર્યાદિ ભાવો વડે ટળે છે.

તે પછી વૈરાગ્યભાવની પ્રબળતા અને ગુણાનુરાગ આદિ

પ્રશસ્ત રાગભાવની દૃઢતા થવાથી દ્વેષ આપોઆપ જાય છે.

હૃદયને વિકસિત કરનાર સર્વોત્કૃષ્ટ સાધન મૈત્રીભાવ છે.

મૈત્રીભાવનાં અભ્યાસ વિના

અહિંસાધર્મનું પાલન પણ શક્ય જ નથી.

મૈત્રી દ્વારા કષાયો ક્રમશઃ ઘટે છે.

કષાયો ઉત્તરોત્તર દૂર થતાં જાય, તેમ તેમ વિશુદ્ધિ વધે,

તેથી પ્રશસ્તતાની માત્રા પણ વધતી જાય છે.

પ્રશસ્તરાગ = રાગનું ઘટવું, દબાવું અને વિશુદ્ધિનું વધવું.

તે જ વીતરાગભાવનું કારણ બને છે.

વીતરાગભાવ વખતે પ્રશસ્તતાના બદલે શુદ્ધતા હોય છે.

તે વખતે મૈત્ર્યાદિ ભાવોનો પ્રકર્ષ હોય છે.

એ પ્રકર્ષનું કાર્ય વિનિયોગ છે.

ઇંદ્રિય અને મનને વશ રાખનાર તે ધ્યાતા.

તે માટે વિષયોનો વૈરાગ્ય, મૈત્ર્યાદિનો અભ્યાસ જોઇએ.

વૈરાગ્યથી ઇંદ્રિયો અને મૈત્ર્યાદિથી મન વશ થાય છે

તથા મન શુદ્ધ અને નિર્વિકાર બને છે.

કરુણા, ભક્તિ, અંતરાત્મભાવ કે અધ્યાત્મ:

એ બધા એક જ અર્થને સૂચવે છે અને

એ બધાની સિદ્ધિનો ઉપાય પણ એક જ છે - સકલ

સત્ત્વહિતાશય કે સમસ્ત સત્ત્વવિષયક સ્નેહનો પરિણામ,

જેને બાળ શબ્દોમાં 'મૈત્રીભાવ' ઇત્યાદિ છે.

ભક્તિ પણ એક પ્રકારની કરુણા છે,

કેમકે કરુણાગુણના અનુમોદનરૂપે તે વિહિત છે.

જો કરુણા વિહિત નથી, તો ભક્તિની જરૂર જ ક્યાં છે?

કરુણાના કારણે જ ભક્તિ કરવાની છે, તેથી

ભક્તિમાં પણ કરુણા છે અને કરુણામાં પણ કરુણા છે.

કરુણા વડે જ મોહનો ક્ષય થાય છે.

કરુણાભાવ = અંતરાત્મભાવ = અધ્યાત્મ.

'અધ્યાત્મ' એટલે આત્મામાં જોવું.

મોહનીય કર્મના ઉદયથી ઉત્પન્ન થતાં ગુણોમાં
કરુણા - મૈત્રી વગેરેને સ્વીકારવામાં બાધ નથી.
નામાદિ ચારે નિક્ષેપા કથંચિત્ અભિન્ન હોવાથી
ઉપાસના કે બધી આરાધનામાં તે લક્ષ્ય યાદ રહેવો જોઇએ.
તે સિવાય આરાધનામાં પ્રગતિ કે દૃઢતા થાય નહિ.
બૌદ્ધ પ્રામાણ્યવાદી બધા દર્શનો સગુણત્વમાં જ મુક્તદશા
માને છે. તે બધાં અનંત કલ્યાણકર ગુણો માને છે,
તેમાં મૈત્રી - કરુણા - દયાદિ તો હોય જ.
જેઓ સચ્ચિદાનંદ રૂપ મુક્તિ માને છે,
તેમાં પણ 'ચિત્ ચૈતન્ય' એટલે
જ્ઞાનના પ્રકારમાં મૈત્રી - કરુણાદિ આવી શકે.
મૈત્ર્યાદિ ભાવો સમ્યક્ત્વની અને સર્વ પ્રકારના યોગોમાં
તથા અહિંસાની અને મુક્તિની સાધનામાં પણ જરૂરી છે.
મૈત્ર્યાદિ ભાવો એ અહિંસાની જ બીજી બાજુ રૂપ છે,
તેથી તેને માટે શાસ્ત્રોમાં જુદું કાંઈ કહેવાનું હોય જ નહિ.

## અહિંસા = દયા = પ્રેમભાવ = મૈત્રી.

જીવમાત્ર સાથે કથંચિત્ અભેદ સંબંધ પણ રહેલો જ છે,
તેને સિદ્ધ કરવા માટે મૈત્ર્યાદિ ભાવોની અનિવાર્યતા છે.
અદ્વૈત તત્ત્વજ્ઞાન વડે ધ્યાનમાં જીવમાત્ર સાથે અભેદનું
સંવેદન થાય છે, છતાં ય તેને મૈત્ર્યાદિ ભાવો જીવનમાં
આવી જ જાય તેવું બનતું નથી. મૈત્ર્યાદિ ભાવો આવે,
છતાં જીવમાત્ર સાથે કથંચિત્ અભેદભાવ ન પણ આવે.
જૈન મત મુજબ: જીવના વિકાસ માટે મૈત્ર્યાદિ ભાવો એક
પ્રબળ સાધન છે, કિન્તુ વૈશેષિક દર્શન પ્રમાણે વિશ્વના
વિકાસ પરિણામો માટે પણ જીવમાત્રના અદૃષ્ટ એવા
ધર્મ અને અધર્મ નિમિત્ત કારણ છે.

અહિંસા કે દયા, પ્રેમભાવ કે મૈત્રી -
એ પર્યાય શબ્દો અથવા તો સિક્કાની બે બાજુ જેવા છે.
મુક્તાત્માઓમાં ભલે ભાવનાત્મક મૈત્ર્યાદિ ભાવો ન કહીએ,
પરંતુ તે સ્વભાવરૂપે કે અનંત જ્ઞાન - દર્શનાદિમાં
અંતર્ગત સમાવેશરૂપે માનીએ, તો માની શકાય.

મરાઠી ગ્રન્થ 'ધવલગિરિ'માં પણ એમ લખ્યું છે કે:

કરુણાભાવ કે સર્વાત્મભાવ એટલે
સર્વ જીવો સાથે તાદાત્મ્યભાવ અનુભવવો તે.
જ્યાં સુધી સંસારમાં એક પણ જીવ જાણે કે દુઃખી છે,
ત્યાં સુધી તીવ્ર સંવેગવાળો મુમુક્ષુ આત્મા
પીતાને પૂર્ણ સુખી માની શકતો નથી.
સર્વને પોતાના જેવા ગુણોનો વિનિયોગ કરવાની શક્તિ
મેળવવા જ તે સિદ્ધિના સુખને અથવા મુક્તિપદને ઝંખે છે.
કેવળ પોતાના મોક્ષ માટેની ઇચ્છામાત્રથી
મુક્તિ મળવી અસંભવિત છે.

દશમા ગુણઠાણા સુધી ચાલુ ભાવના

છઠ્ઠે ગુણઠાણે મુનિને જે કરુણા-દયાની ઇચ્છા હોય,
તે સંજ્વલન કષાયયુક્ત હોઈ ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમરૂપ છે.
'સર્વનું હિત થાઓ'
એવા મૈત્ર્યાદિ ભાવોના પરિણામ પણ ઉદયાનુવિદ્ધ
ક્ષયોપશમરૂપ યાવત્ દશમા ગુણઠાણા સુધી હોય.

મૈત્ર્યાદિ ચારે ભાવનાથી ચાર પ્રકારનાં બળ પ્રાપ્ત થાય.

માધ્યસ્થ્ય નિર્બળ છે.

શુદ્ધ, બુદ્ધ, મુક્ત સિદ્ધાત્માઓમાં પણ
આ ભાવનાઓથી પ્રાપ્ત થતું બળ જતું રહેતું નથી,
પરન્તુ તેમનો સ્વભાવ કે પ્રભાવ જ એવો છે કે
તેથી સર્વને હિત - સુખ અને શાંતિ વગેરે
જે કાંઈ પ્રાપ્ત થાય છે, તેમાં તે મુખ્ય ગણાય.
મૈત્રી, કરુણા, દયા, પ્રેમ અને આત્મૌપમ્ય -
વગેરે ભાવો જ સર્વત્ર અત્યંત કાર્યકર દેખાય છે.

'મૈત્ર્યાદિષુ બલાનિ ।'

એ સૂત્રની ટીકામાં મુદિતાના બળથી
'જીવલોકસ્ય માધ્યસ્થ્યમાદત્તે ।' એમ કહ્યું છે.
તેનું તાત્પર્ય એ છે કે મુદિતા ભાવનામાં સંયમ કરવાથી
સંપૂર્ણ મધ્યસ્થતા, ન્યાયપ્રિયતા, ગુણાનુરાગતાદિ પ્રગટે છે.
તેના પ્રભાવે લોકોમાં તે મધ્યસ્થ, લવાદ કે સરપંચની
જેમ પૂજાઈને મધ્યસ્થ તરીકે લોકોનું બહુમાન પામે છે.

## કેવળજ્ઞાનની પ્રાપ્તિનો રાજમાર્ગ કયો ?

સમ્યગ્દર્શનના લિંગોમાં અનુકંપાદિ કહ્યાં છે,
તેમાં મૈત્ર્યાદિ ભાવો સમાઈ જાય છે.
મૈત્ર્યાદિ ભાવોમાં નિષેધાત્મક તથા વિધાનાત્મક -
ઉભય પ્રકારની વ્યાખ્યાઓ શાસ્ત્રોએ જણાવી છે,
તેથી તે એક જ વસ્તુની બે બાજુ જેવું ગણાય.
'કેવળજ્ઞાનની પ્રાપ્તિનો રાજમાર્ગ મૈત્ર્યાદિ ભાવો છે'
એ રીતે ઉપદેશ દેવો જોઈએ.

સંવરના ૫૭ ભેદોમાં અનુપ્રેક્ષાના ઉપલક્ષણમાં મૈત્ર્યાદિ ચાર ભાવનાઓ 'નવતત્ત્વ' પ્રકરણમાં કહી છે. તેનો પુણ્યતત્ત્વમાં, નિર્જરાતત્ત્વમાં કે શુભાશ્રવ તત્ત્વમાં પણ લઈ શકાય. મૈત્ર્યાદિભાવો જેમ સમ્યગ્દર્શન ગુણમાં સમાય, તેમ જ્ઞાનરૂપ હોવાથી સમ્યગ્જ્ઞાનમાં પણ લઈ શકાય.

'મૈત્રા પવિત્ર પાત્રાય'ના શ્લોકમાં
પ્રભુનું યોગસ્વરૂપ વર્ણવ્યું છે, તે ભાવનારૂપ
છદ્મસ્થદશામાં અને આત્મસ્વભાવરૂપ વીતરાગ દશામાં ઘટે.

શ્રી જંબુવિજયજીનું મંતવ્ય છે કે...

'સિદ્ધના જીવોમાં પણ મહિમાદિના ઉદય
પ્રગટતાં ગુણમાં મૈત્રી - કરુણાદિ ભાવો સંભવે.'

સર્વ પ્રકારના યોગોમાં સમ્યક્ત્વની જેમ તથા મુક્તિની સાધનામાં અહિંસાની જેમ મૈત્ર્યાદિ ભાવો પ જરૂરી છે. મૈત્ર્યાદિ ભાવો અહિંસાની જ બીજી બાજુ રૂપ છે,
તેથી તેના માટે કાંઈ જુદું કહેવાનું ન રહે.

જીવ મહિ છે, પુદ્ગલ જાય છે.

પુદ્ગલ ઉપર વૈરાગ્ય અને જીવ ઉપર મૈત્ર્યાદિ ભાવ આવે, ત્યારે જ સાચું માધ્યસ્થ્ય કહેવાય. નિર્મળ અને નિષ્પક્ષપાત બુદ્ધિમાં જીવો પ્રત્યે આત્મસમ ભાવ જાગે છે અને પુદ્ગલો પ્રત્યે આત્માથી ભિન્ન ભાવ પ્રગટે છે.

શબ્દાદિ પુદ્ગલો સંબંધમાં આવે કે ન આવે,
તો પણ તે જેમ રાગાદિને પાત્ર નથી,
તેમ જીવ સ્વપ્રભુતસત્તાદિ ચૈતન્યને ધારણ કરનારા જીવો સંબંધમાં આવે કે ન આવે, તો પણ મૈત્ર્યાદિને પાત્ર છે.

'પરસ્પરોપગ્રહો જીવાનાં ।'

જીવોનાં સર્વ જીવોની સાથે

લગાલગ સર્વ સંબંધો આ સંસારમાં થાય છે,
તેથી આ સૂત્ર અહીં કાળની અપેક્ષાએ વ્યાપક છે.
પરસ્પર = પ્રત્યેક જીવનો પ્રત્યેક જીવ સાથે.
સર્વ કાળના સર્વ પરમેષ્ઠિ ભગવંતોનો ઉપગ્રહ સર્વ
ભવ્યજીવો સાથે થાય, એ તો નવકાર જ જણાવી આપે છે.
જો અહીં કાળના અરિહંતાદિનો આપણા ઉપર ઉપગ્રહ
ન થતો હોય, તો તેમનું સ્મરણ શા માટે?
એવી જ રીતે સર્વ જીવોનો ઉપગ્રહ ન થતો હોય, તો
તેમની સાથે મૈત્ર્યાદિ ભાવનાઓ શા માટે ભાવવી જોઈએ?
મૈત્રી વગેરે ભાવોને પરિપાકસ્વરૂપ, અનંત કરુણાના
સ્વામી, વિશ્વહિતકર્તૃત્વાદિ ગુણરત્નાકર શીતલતાં,
પંચપરમેષ્ઠિના શરણ - સ્વીકારસ્વરૂપ આરાધકભાવની
પ્રાપ્તિ અને વિશુદ્ધ આત્મસ્વરૂપના સાક્ષાત્કાર માટે જ
આ નવકાર મહામંત્રનો જાપ શરૂ કરાય છે.

ચાર ભાવના એ જ સાચું ઐશ્વર્ય છે,

ધનનું કે બુદ્ધિનું ઐશ્વર્ય એ તો વિનશ્વર છે.

ભાવનાનું ઐશ્વર્ય જીવાત્માની સર્વ કામનાને પૂર્ણ કરનાર છે.
સહજ ભાવ એટલે માત્ર ચૈતન્યરૂપે જીવનું અસ્તિત્વ કાયમ
રહે, એ જ બ્રાહ્મીસ્થિતિ અથવા ઊંચામાં ઊંચી સ્થિતિ છે.
એ સ્થિતિ પામ્યાં પછી આગળની કોઈ સ્થિતિ છે નહિ.
મનુષ્ય દેહે માનવીએ આ જ સ્થિતિ મેળવવાની છે.

એ માટે એને બહાર કાંઈ શોધવાનું નથી.

એની અંદર જ એ સ્થિતિ રહેલી છે,

તેથી તેણે અંતર્મુખ થવાની જરૂર છે.

'સર્વ જીવો સુખને ઇચ્છવાના સ્વભાવવાળા છે,

તેથી તેઓ પ્રત્યે મૈત્રી રાખવી - ભાવવી.

મૈત્રી, કરુણા, પ્રમોદ, ઉપેક્ષા કે માધ્યસ્થનાં

સુખ, દુઃખ, પુણ્ય, પાપ વગેરે વિષયોની

ભાવનાથી ચિત્તને પ્રસન્ન કરવું.' - આ પાતંજલ સૂત્ર
આમ મૈત્ર્યાદિની ભાવનાથી વ્રતોની સ્થિરતા થાય છે.

## કરુણામય ચિત્તહૃદય તે જ ધર્મ છે.

મૈત્રીભાવના વિનાની ધર્મની ક્રિયા નિર્જીવ, નિઃસત્ત્વ છે.
આપણાથી વધુ દુઃખી બીજા જેઓ છે, તેનો વિચાર કરીશું,
તો જ આપણને જે ઘણું મળ્યું છે, તે માટે
પ્રભુનો - પંચ પરમેષ્ઠિનો આભાર માનવાનું સૂઝશે.
'સંસાર દુઃખ - કષ્ટમય છે' એવી ભાવના જે ભાવે,
તેનામાં મૈત્રી - કારુણ્ય આપોઆપ પ્રકટી સંસારયાત્રાના
સહપ્રવાસીઓ પ્રત્યે સમસંવેદન અનુભવાય છે.
ચિત્તમાં રહેતાં ઇંદ્રિયોના પ્રવર્તક રાગાદિ ક્લેશોની
નિવૃત્તિ માટે મૈત્ર્યાદિ ભાવનાનું પ્રતિપક્ષ રટણ એટલે
યતમાન સંજ્ઞા વૈરાગ્ય અથવા પ્રયત્નશીલ વૈરાગ્ય.

'યોગબિન્દુ' શ્લોક ૪૨૯/30માં ૪ ભાવના માટે કહ્યું છે કે:

મૈત્રી - દાક્ષિણ્ય, ધૈર્ય, ગાંભીર્યપૂર્વક પરાર્થ કરવું.
પ્રમોદ - સાધુ પુરુષોનો વહુવાદ - વર્ણવાદશ્ચ સાધુષુ।
કરુણા - દીનોદ્ધાર માટે આદર - દીનાદ્યુદ્ધરણાદરઃ।
માધ્યસ્થ્ય - દુર્જનો અદ્વેષ - સર્વત્ર નિન્દા - સંત્યાગઃ।

પ્રભુ પ્રભુ થયાં છે, તે નમ્રતાના પ્રતાપે થયાં છે, તેથી
પ્રભુના ભક્તે પણ સર્વ જીવો પ્રત્યે નમ્ર બનવું જોઈએ,
પોતાના અપરાધની ક્ષમા માંગવી જોઈએ અને
સર્વ પ્રત્યેની મૈત્રી ભાવના રાખવી જોઈએ.

'સર્વને રત્નત્રયારૂપ મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાઓ અને
સર્વ જીવો પોતાનું આત્મહિત સાધો.'

એ જાતની મૈત્રીભાવના સહિત અપરાધને ખમાવવાની
ક્રિયા - એ પ્રભુ બનવાનો રાજમાર્ગ છે.

'જીવમાત્ર નમસ્કારને પાત્ર છે' એવી જાગૃતિ
સાધકને કથંચિત્ ઉપયોગી છે પણ અકલ્યાણકર્તા નહિ.

ગુણાધિક પ્રત્યેના નમસ્કારમાં
ધીમે ધીમે ભક્તિભાવ વ્યાપ્ત થઈ જાય છે અને
સમગ્ર વિશ્વના તમામ જીવોને અંતરનો નમસ્કારભાવ
દાખવવાથી મૈત્ર્યાદિ ભાવો અંતઃકરણમાં તરવરે છે તથા
સંસારની વાસ્તવિકતાનો ખ્યાલ આવવાથી
એ સ્વાભાવિક પણ બને છે.

અરિહંતથી મૈત્રી વધે છે, સિદ્ધથી પ્રમોદ વધે છે,
સાધુથી કરૂણા પ્રગટે છે અને ધર્મથી માધ્યસ્થ્ય આવે છે.
મૈત્ર્યાદિ ભાવના સમ્યક્ત્વની હાજરીમાં હોય અને તેની
પ્રાપ્તિમાં પણ ઉપકારભૂત હોય, તેમ માનવામાં બાધ નથી.
સમ્યક્ત્વના લક્ષણમાં અનુકંપા કહી છે અને તે દ્રવ્ય-ભાવ
ઉભયરૂપ હોવાથી ચારે ભાવના તેમાં જ આવી જાય.

વળી ૯ તત્ત્વોની શ્રદ્ધા - સદ્દહણા હોય,
તેમાં જીવતત્ત્વ ઉપરાંત સંવરતત્ત્વ પણ આવી જાય.
સંવરતત્ત્વ સીધી રીતે ચારિત્ર સાથે સંબંધ રાખે છે, તેથી
તેમાં અનિત્યત્વાદિ ૧૨ ઉપરાંત મૈત્ર્યાદિ ૪ ભાવના
પણ લેવાનું કહ્યું છે. આથી ચારિત્રમાં પણ મૈત્ર્યાદિ ૪
ભાવના ગણી શકાય અને વૈરાગ્યમાં પણ તે ગણી શકાય.

તે વિના ખરો જ્ઞાનગર્ભિત વૈરાગ્ય ન જ ઘટે.
સમ્યગ્જ્ઞાન કે ચારિત્રમાં સમ્યગ્દર્શન સહિત મૈત્ર્યાદિ
૪ ભાવનાઓ અનિવાર્ય છે. તે સિવાય જીવતત્ત્વનું યથાર્થ
જ્ઞાન, યથાર્થ સંવેદન કે યથાર્થ સદ્દહણા કેમ કહી શકાય?

## સમિતિ - ગુપ્તિની માતા મૈત્ર્યાદિ ભાવના

સેવાથી વિનય, વિનયથી આગમ, આગમથી સિદ્ધિ.
સેવાનું મૂળ મૈત્ર્યાદિ ભાવના, તેનું મૂળ અરિહંત પરમાત્મા.
ચારિત્રની માતા સમિતિ - ગુપ્તિ (અષ્ટપ્રવચન માતા) છે
અને સમિતિ - ગુપ્તિની માતા મૈત્ર્યાદિ ભાવના છે.
પ્રવચનમાં માતા તરીકે પ્રસિદ્ધિ પામેલા હોવાથી અને
તેમાં ચારિત્રની છેલ્લી કક્ષા સંમિલિત હોવાથી
સમિતિ - ગુપ્તિ એ 'માતા' તરીકે સંબોધાય છે.
આમ સર્વ પ્રકારના ધર્મનું મૂળ મૈત્ર્યાદિ ભાવો છે અને
તેનું મૂળ અરિહંત પરમાત્માઓનું વિશિષ્ટ આત્મદ્રવ્ય છે.
મૈત્ર્યાદિ ભાવોને સિદ્ધ કરવા સકલ દ્વાદશાંગીનું નિરૂપણ છે.
તેમાં બતાવેલા આચારો મૈત્ર્યાદિ ભાવનાઓનું ફળ છે.
ફળના અર્થીએ મૂળનું બહુમાન કરવું જોઈએ.
મૂળ એ ફળથી જુદું હોવા છતાં ફળનો આધાર તે જ છે.
ખરું સ્વરૂપ મૈત્ર્યાદિ ભાવ છે, જેને સાધક સમજી શકે છે.
મૈત્ર્યાદિ ભાવો એ સમ્યગ્દર્શન ગુણનું મૂળ છે.

'સુખચિંતા' એટલે સુખાની ઈર્ષ્યાનો ત્યાગ અને
તન - મનને દુઃખ ન થાય, તેવું વર્તન.

**શાસ્ત્રોમાં વર્ણવેલાં સુખચિંતાના ૪ પ્રકારો**

૧ ઉપકારી સુખચિંતા, ૨ સ્વજન સુખચિંતા,
૩ સ્વપ્રતિપન્ન સુખચિંતા, ૪ સર્વપ્રાણી સુખચિંતા.

**મુદિતા (ગુણવાન પ્રાણી ઉપર દ્વેષત્યાગ)ના ૪ પ્રકારો**

ગુણાધિકં દૃષ્ટ્વા યઃ પ્રમોદયતિ ।
૧ સુખમાત્ર મુદિતા (પરિણામ દુઃખકર),
૨ સહેતુ મુદિતા (ઈહલોક હેતુક),
૩ સદનુબંધ મુદિતા (પરંપર સુખહેતુક) તથા
૪ પરા મુદિતા (અવ્યાબાધ સુખમાં સંતોષ).

**કરુણા (દુઃખીની ઉપેક્ષાનો ત્યાગ)ના ૪ પ્રકારો**

મોહજન્યકરુણા = વ્યાધિતને અપથ્ય ભોજન આપવું તે.
દુઃખદર્શનજન્યકરુણા = આહાર, ઔષધ, ધનાદિ વડે મદદ.
સંવેગજન્યકરુણા = સુખી એવા ધર્મહીનને સહાયક થવું.
અન્યહિતયુતાજન્યકરુણા = 'સવિ જીવ કરું શાસનરસી' ભાવ.

## ઉપેક્ષા (ઉદાસીનતા, વિરક્તિ)ના ૪ પ્રકારો

૧ કરુણા ઉપેક્ષા = વ્યાધિતને અપથ્યથી ન અટકાવવા.
૨ અનુબંધ ઉપેક્ષા = સાધ્ય પ્રાપ્તિ ઉપર રાગ-દ્વેષનો ત્યાગ.
3 નિર્વેદજન્ય ઉપેક્ષા = કર્માધીન સ્થિતિ ઉપર વિચારણા.
૪ તત્ત્વસાર ઉપેક્ષા = ધર્મહીન પ્રત્યે રાગ-દ્વેષનો ત્યાગ તે.

ભિન્ન ગ્રન્થકારોની સર્વ પ્રવૃત્તિ
પરાર્થ અથવા પરોપકાર માટે જ હોય અને વળી
મૈત્ર્યાદિ ભાવોની સાંકળે બંધાયેલી પણ હોય.

'યોગદૃષ્ટિ સમુચ્ચય'માં એના હેતુઓ આપતાં કહે છે કે:

શુદ્ધ બોધ વડે આગ્રહ દૂર થવાથી,
મૈત્ર્યાદિ પરતંત્રપણાંથી, ગંભીર-ઉદાર પરિણામવાળા હોવાથી
જીવો પ્રત્યે મૈત્ર્યાદિ ભાવ, એનું સમ્યગ્જ્ઞાન
શુદ્ધ સંવેદનરૂપ હોય છે. તેનાથી રહિત, શુદ્ધ આશયના
બહુમાનથી રહિત જીવોનું જ્ઞાન પ્રાય: માત્ર ક્રિયારૂપ હોય છે.
ધર્મપણાંમાં મૈત્ર્યાદિ ભાવો - પરાર્થવૃત્તિ અનિવાર્ય છે,
કિન્તુ ધર્મપ્રાપ્તિની યોગ્યતા પણ આ ભાવો વિના ન આવે.

મૈત્ર્યાદિ ૪ આત્માના મૂળભૂત ગુણો છે.

સમ્યક્ત્વ પ્રાપ્ત થતાં તાત્ત્વિક રીતે તે સર્વ પ્રગટ થાય છે અને પછી વધુ ને વધુ નિર્મળ બનતાં જ જાય છે.

સમ્યગ્દર્શન રૂપ આત્મગુણમાં એને લઈ શકાય.

આસ્તિક્યાદિ એ મૈત્રીના જ લિંગો છે.

- મૈત્રી = જીવતત્ત્વ પ્રત્યેની રુચિ / શ્રદ્ધા.
- કરુણા = પાપ - પુણ્યતત્ત્વ પ્રત્યેની રુચિ / શ્રદ્ધા.
- પ્રમોદ = મોક્ષ (પરમાત્મ) તત્ત્વ પ્રત્યેની રુચિ / શ્રદ્ધા.
- ઉપેક્ષા = અજીવે જીવતત્ત્વ પર જમાવેલ બળ તરફ અરુચિ.

પ્રમોદમાં પુણ્ય, સંવર, નિર્જરા અને મોક્ષ પ્રત્યે રુચિ છે. કરુણામાં પાપ, આશ્રવ, બંધ પ્રત્યે અરુચિ છે. માધ્યસ્થ્યમાં અસાધ્ય, દુઃખી તથા નિજગત રાગ-દ્વેષ પ્રત્યે અરુચિ છે.

જીવહિંસા અંગેનું પ્રાયશ્ચિત્ત હોય, તો મૈત્રી, કરુણા. અને દંડ હોય, તો કરુણાની ભાવના અવશ્ય હોય. જીવોને પીડાથી બચાવી લેવાની ભાવના કરાવે જ છે, તેથી તે સ્વપરવિષયક કરુણા અને મૈત્રીનો જ એક પ્રકાર છે.

મૈત્રી અને કરુણા અનંત કરુણામાં વિલીન થાય છે,
પ્રમોદ આનંદગુણમાં વિલીન થાય છે તથા
ઉપેક્ષા વીતરાગભાવમાં વિલીન થાય છે.
રુચિ, પ્રેમ, અહોભાવ ગુણ મૈત્ર્યાદિ ૪ ભાવોરૂપે પરિણમે.
ભવ્યોને જ બધા પ્રત્યે મૈત્ર્યાદિ ભાવો જાગે,
અભવ્યોને સદા અપરિચિત રહે.
પ્રતિ પુદ્ગલપરાવર્ત મળ હ્રાસ જે રીતે ક્રમશઃ થાય છે,
એમાં મૈત્ર્યાદિ ગુણો કારણભૂત છે.
મોક્ષની ઇચ્છાનું કારણ એ જ ગુણો મનાય છે.
અપુનર્બંધકનો બધો વિકાસ પણ એ ગુણોના કારણે છે.
પ્રત્યેક આસ્તિક દર્શનમાં મૈત્ર્યાદિ છે અને
તે જીવને સમ્યગ્ દર્શનાદિ જૈન માર્ગમાં લાવે છે.
જગતનો બધો વ્યવહાર મૈત્ર્યાદિ ઉપર ચાલે છે.
મૈત્ર્યાદિ ચાર ભાવો જ વિશ્વના ધારક છે.
મૈત્રી - મુદિતા એ હૃદયની વૃત્તિઓ છે,
બુદ્ધિની ત્યાં પહોંચ નહિ.

ત્રણ શલ્ય કયા કયા છે ? તે સર્વ શેનાથી જણાય ?

મિથ્યાત્વશલ્ય, નિયાણશલ્ય અને માયાશલ્ય.

મૈત્રીથી માયાશલ્ય, કરુણા અને પ્રમોદથી નિયાણશલ્ય તથા

માધ્યસ્થ્યથી મિથ્યાત્વશલ્ય જણાય.

'ધર્મ' એટલે અહિંસા, સંયમ અને તપ.

અહિંસા = વિશ્વમૈત્રી - ક્ષાન્તિ.

સંયમ = જીવનશુદ્ધિ - દાન્તિ.

તપ = કર્મથી મુક્તિ - શાંતિ.

મૈત્રી આદિ ચાર ભાવનાનાં બળે પળાતાં

પંચમહાવ્રત અને સમિતિ - ગુપ્તિ 'ભાવચારિત્ર' છે,

અન્યથા તે 'દ્રવ્યચારિત્ર' ગણાય છે.

જે સર્વને અભય ન આપે તે સાધુ નહિ, તેમ સર્વની

હિતચિંતારૂપ મૈત્રીભાવ નહિ, ત્યાં સાધુપણું કેમ ટકે?

તેનો અભિલાષ ન રહે તો શ્રાવકપણું પણ કેમ ટકે?

પંચમગતિ = ક્ષાન્ત્યાદિ ચાર ધર્મ = મૈત્ર્યાદિ ચાર ભાવ =

પાંચ પરમેષ્ઠિ = અરાગ - દ્વેષ - મોહભાવ = સ્નેહભાવ.

દરેક સાધકને કહેવું કે વાસનાત્યાગની
સરલ યુક્તિ પહેલાં તામસી વાસનાઓ છોડીને
મનમાં મૈત્રી આદિની શુદ્ધ વાસનાઓ રાખે અને
એ અનુસાર વ્યવહાર કરે, પછી એને પણ મનમાંથી કાઢી
કેવલ એક ચિન્માત્રાવસ્થાને પ્રાપ્ત કરવાની વાસના રાખે.

મન, વાસના, ઇચ્છા, તૃષ્ણા - એ સૌ એકાર્થક છે.

સંસારની અસારતા એટલે કષાયની અસારતા.
મોક્ષની સારભૂતતા એટલે કષાયથી છોડાવનાર
મૈત્ર્યાદિ ભાવોની સારભૂતતા.

ચાર ગતિ એ ચાર કષાયનું ફળ છે.
પાંચમી ગતિ એ મૈત્રીભાવનું ફળ છે.

વિષયનો વિરાગ, કષાયનો ત્યાગ, મૈત્રીનો રાગ અને
ક્ષાન્ત્યાદિમાં પ્રવર્તન - એ ૪ મોક્ષના પરમ ઉપાયો છે.

આ દેશના એ સદ્દેશના છે કે:
ભિક્ષા અને ઔષધના સ્થાને સ્નેહલાભ, મૈત્રીલાભ છે.
ભૂખ અને રોગના સ્થાને સ્વાર્થલાભ, કષાયલાભ છે.

### મૈત્રી - કરુણાદિ શુભ ભાવો જગાડવા શું કરવું?

સિદ્ધના જીવો સિદ્ધપણાંની પ્રતીતિ કરાવીને સંસારના દુઃખી જીવો પ્રત્યેની કરુણા જગાડીને ઉપકાર કરી રહ્યાં છે, એ રીતે ભક્તિ - મૈત્રી - કરુણાદિ શુભ ભાવો જગાડવા આલંબન તરીકે સંસાર - મોક્ષ ઉભયના જીવો ઉપકાર કરે છે. આવું સમજાવનાર તીર્થ હોવાથી તીર્થ નમસ્કરણીય છે.

### 'દેવાધિદેવ' કોનું નામ?

જે સર્વ જીવોને આત્માધિક સમજી, મૈત્રીભાવથી મૈત્રીસ્વરૂપ બનીને અવ્યાબાધ સુખનો અનુભવ કરનારા અને બીજા સૌને પણ અવ્યાબાધ સુખ પમાડનાર તથા મૈત્રીસ્વરૂપ બનાવવા માટે તીર્થ અને શ્રુતને ભેટ તરીકે આપી ગયાં, તેનું નામ 'દેવાધિદેવ'.

### મૈત્રીનો પ્રારંભ ક્ષમાપનાથી થાય છે.

જીવ ઉપર દ્વેષ થવાનું કારણ જીવમાં દુશ્મનબુદ્ધિ રહેલી છે, એને નિવારવા માટે 'દરેકે દરેક જીવ કર્મને પરવશ છે' એમ વિચારી જીવમાત્ર પરત્વે મૈત્રીભાવ કેળવવાનો છે.

## નિષ્કામ કરુણા અને ભક્તિ

નિષ્કામ ભક્તિ તેમની નિષ્કામ કરુણાના વિચારે જાગે, નિષ્કામ કરુણા આત્મતત્ત્વના સાચા સંવેદનથી જાગે છે. તે સંવેદન જીવો પ્રત્યે મૈત્ર્યાદિ ભાવો સ્વરૂપ હોય છે.

મૈત્રી વિના ભક્તિ અને ભક્તિ વિના મૈત્રી નથી.

મૈત્રીથી સ્નેહરાગ નાશ પામે, ભક્તિથી દૃષ્ટિરાગ નાશ પામે તથા વિરતિથી કામરાગ નાશ પામે.

મુક્તિનો હેતુ વિરતિ છે, વિરતિનો હેતુ ભક્તિ છે, ભક્તિનો હેતુ મૈત્રી છે, મૈત્રીનો હેતુ ક્ષમાપના છે, ક્ષમાપનાનો હેતુ કર્મના નિયમની શ્રદ્ધા છે અને કર્મના નિયમની શ્રદ્ધાનો મુખ્ય હેતુ ધર્મનું લાભ છે. 'મંત્ર એ ભક્તિવાચક છે' તેનો અર્થ મૈત્રીવાચક છે. અહિંસા - સંયમ - તપને તેથી જ મંગળ તરીકે ગણાવ્યાં, કેવળ વાચિક મૈત્રી, વૈરાગ્ય અથવા અનાસક્તિને નહિ.

અહિંસા વિનાની મૈત્રી, સંયમ વિનાનો વૈરાગ્ય અને તપ વિનાની અનાસક્તિ વાંઝિયા છે.

જિનવર પૂજા તે નિજપૂજના.

પ્રભુની પૂજા તે જ આત્માની પૂજા છે,
એ ન્યાયે પરમૈત્રી એ સ્વમૈત્રી છે.

જેમ પ્રભુપૂજા વિના આત્મપૂજા થઈ શકતી નથી, તેમ
પરમૈત્રી વિના સ્વમૈત્રી - સ્વહિત સાધી શકાતું નથી.
પરમૈત્રી એ જ સ્વમૈત્રી. પરકરુણા એ જ સ્વકરુણા.
પરપ્રમોદ એ સ્વપ્રમોદ. પરદોષોપેક્ષા એ સ્વમાધ્યસ્થ્ય.

મૈત્રી એ આત્મહિતચિંતા રૂપ છે.
ત્યાં આત્મહિતચિંતામાં સ્વપરનો ભેદ નથી, એટલે
આત્મતત્ત્વની હિતચિંતા એ મૈત્રી હોઈ
તેના વડે ક્રોધની જેમ કામશત્રુ પણ હણાય છે.
પરહિતચિન્તાથી ક્રોધ - વૈર હણાય છે.
સ્વાત્મહિતચિન્તાથી કામ - સ્નેહાદિ હણાય છે.

મૈત્ર્યાદિ વિના જગતને કોણ ધારણ કરી શકે?
એક પણ ભાગ્યવાન પુરુષના હૃદયમાં જ્યાં સુધી મૈત્રી રહેશે,
ત્યાં સુધી મૈત્ર્યાદિ દ્વારા જગદ્ધારણનું કાર્ય ચાલુ રહેશે.

શરીરનું મિલન તુચ્છ છે, મનનું મિલન દિવ્ય છે.
જીવ ઈશ્વર સાથે મૈત્રી કરે તો જીવ પણ ઈશ્વર બને છે.
દેહ છોડતાં વાસના હજાર વીંછી કરડે તેટલી વેદના થાય છે.
તેવી વેદનામાં પણ જો ભગવાનનું નામ જીભ પર રહે,
તો તેવી વ્યક્તિનું જીવન ધન્ય બને છે.
એકતાનતા માટે શૃંગાર અને કરુણ એ બે પ્રધાનરસ છે.
'યોગ' એટલે જીવ અને ઈશ્વરનો સંયોગ તથા
પરમાત્મા, હૃદય, વાણી, પ્રાણ, બુદ્ધિ સાથે રમણ - મિલન.
મૈત્રી શીખવે છે કે:
હક્ક માંગો નહિ પણ આપો અને આપતાં શીખો.
હક્ક મેળવવા માટે જીવન પ્રત્યે અયોગ્ય વર્તન કરવું પડે છે.
ક્રાંતિ = 'આપણે આપણા હક્ક મળો' એ મિથ્યાવિચાર છે.
ઉત્ક્રાંતિ = 'મને મારું સ્વરૂપ મળો' એ સમ્યક્‌વિચાર છે.
સ્વરૂપ મેળવવા જીવન પ્રત્યે યોગ્ય વર્તન એ જ મૈત્રી.
સામાજિકનો 'સામ' = મૈત્રીવાચક, 'સમ' = માધ્યસ્થ્ય-
વાચક અને 'સમ્મ' શબ્દ જેનો સંયોગવાચક છે.

પ્રભુની કરુણાનું ધ્યાન એ જ વાસ્તવિક
ભક્તિભાવની વૃદ્ધિનું સાધન છે.

કરુણાભાવ એ શુદ્ધ જીવનો સ્વભાવ છે.
તે નામ - આકૃતિ - દ્રવ્ય - ભાવ વડે બહાર આવે છે.

નામ તથા સ્થાપનાથી પાપ જાય છે તથા પાપ જવાથી દુઃખ જાય છે. દ્રવ્યથી પણ કરુણા ભાવ સમેત છે અને ભાવથી સાક્ષાત કરુણામૂર્તિ છે.

સર્વથી ઉત્કૃષ્ટ જે અશુભ પરિણામ,
તેના કરતાં એક માત્રા અધિક એવો અશુભ પરિણામ દુર્ગતિમાં જતાં જીવોને થતો નથી, એનું કારણ એ છે કે સત્પુરુષોના હૃદયમાં મૈત્ર્યાદિ ભાવધર્મની સ્થાપના છે. મૈત્ર્યાદિ સ્વરૂપધર્મોમાં ધારણ કરવાની શક્તિ શબ્દોમાં આવે તેમ નથી પણ સ્પર્શ થતાં સમજાય છે કે ધર્મ એક એવો પ્રેમપુંજ છે, જેના વડે આપણે સૌ ધારણ કરાઈ રહ્યાં છીએ. એ પ્રેમપુંજને કેવળ આત્મા, આત્મા વડે આત્મામાં જ જાણી - જોઈ શકે અને અનુભવી શકે.

અહિંસા એ જીવમૈત્રીનું,
સંયમ એ અહિંસાનું અને તપ એ સંયમનું પ્રતીક છે.
તપથી સંયમની શુદ્ધિ, સંયમથી અહિંસાની શુદ્ધિ
અને અહિંસાથી જીવમૈત્રી વધે છે.
જીવની મૈત્રી પરમેષ્ઠિની ભક્તિને વધારે છે અને
પરમેષ્ઠિની ભક્તિથી જીવની મૈત્રી વધે છે,
એમ અન્યોન્ય કારણ બને છે.
જીવમૈત્રીથી અહિંસા, અહિંસાથી સંયમ, સંયમથી તપ વધે છે.
તપમાં ધ્યાન પ્રધાન છે. ધ્યાનની સામગ્રી સંયમ, સંયમની
સામગ્રી અહિંસા, અહિંસાની સામગ્રી જીવમૈત્રી, જીવમૈત્રીની
સામગ્રી પરમેષ્ઠિની ભક્તિ છે, પંચ પરમેષ્ઠિ ભક્તિની
સામગ્રી જીવમૈત્રી છે, જીવમૈત્રીની સામગ્રી અહિંસા છે,
અહિંસાની સામગ્રી સંયમ, સંયમની સામગ્રી તપ, તપની
સામગ્રી ધ્યાન અને ધ્યાનની સામગ્રી પરમેષ્ઠિ ભક્તિ છે.
વસ્તુતઃ 'સંસાર' એટલે વૈર અને 'મોક્ષ' એટલે મૈત્રી.
વૈરમાંથી મૈત્રી સર્જવાનું કાર્ય આ જૈનશાસન કરે છે.

## ૪ ભાવનાની વ્યાખ્યા

(૧) મૈત્રી = સર્વે જીવો મિત્ર સમાન છે.

(૨) પ્રમોદ = પરજીવને સુખી દેખી રાજી થવું.

(3) કારુણ્ય = દુઃખી પ્રત્યે અનુકંપા - કરુણા ભાવના.

(૪) માધ્યસ્થ્ય = પાપી કે અધર્મી પ્રત્યે ખેદ (ભાવકરુણા).

જે ભાવના જે આત્મસ્વરૂપવાળી છે, તે સ્વરૂપ પ્રગટ કરવાનો ઉદ્યમ કરી, તે જ આત્મસ્વરૂપ પ્રગટ કરવું, એ જ ભાવના ભાવવાનો અર્થ - હેતુ - પ્રયોજન છે.

૧૨ ભાવનામાં આ ૪ ભેળવતાં ૧૬ ભાવના થાય છે.

આપણામાં મૈત્રી આદિ ભાવના આજે ભલે ન હોય, પરન્તુ મૈત્રી આદિ પરમાત્મામાં વર્તમાનકાળે પૂર્ણ છે.

પ્રેમ અને ત્યાગ એ માનવહૃદયનું સર્વસ્વ છે. હૃદયમાં રહેલી પ્રેમભાવના ત્યાગના સિદ્ધાંત ઉપર નિર્ભર છે. મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા - બધી ભાવનાઓનું મૂળ પ્રેમ અને ત્યાગ છે. ત્યાગ એ પ્રેમનું જ સ્વરૂપ છે. જ્યાં પ્રેમનો ઉદય થશે, ત્યાં ત્યાગનો ઉદય થવાનો જ.

જગતના હિત ઘવાય, સુખ લોપાય, દુઃખ ઊભા થાય,
એને દૂર કરવા તરફ બેપરવાઈ, નિષ્ઠુરતા, કઠોરતા છે;
એ મહાદુર્ગુણ છે; એ મહામલિનતા છે.

એ દુર્ગુણોને કાઢવા માટે
પરહિતચિંતા, પરકરુણા, પરપ્રમોદ ઉપયોગી બને છે.

પોતાને ગમે તેટલાં કષ્ટ પડે પણ કોઈનું અહિત ન થાય,
પરદુઃખ પ્રત્યે કઠોર ન બનાય કે દોષ તરફ દૃષ્ટિ ન જાય,
એ કોમળ સૌમ્યતા સ્વરૂપ છે.

એ કોમળતા દ્વારા બેપરવાઈ, નિષ્ઠુરાઈ જેવા દોષોથી બચાય.
પરહિતચિંતાથી એ કોમળ - સૌમ્યતા આવે છે, એટલે
એમાં આત્મચિંતા મુખ્ય બને છે, ત્યારે અર્થચિંતા -
વિષયચિંતા - પરચિંતા આદિ ગૌણ બની જાય છે.

સદ્‌વૃત્તિ, અહિંસક વૃત્તિ, મૈત્ર્યાદિ ભાવો,
સામાયિક અને સમત્વ - એ સર્વ સમાનાર્થક છે.

૪૨ પ્રકારના પુણ્યનું પોષણ અને
૮૨ પ્રકારના પાપનું શોષણ મૈત્રીભાવમાં રહેલું છે.

અનેકમાં રહેલી એકતા જોવી, એ ગુહ્ય છે.
એકલવાયાપણું માનવું એ ભ્રમ છે, માટે દુઃખરૂપ છે,
અનેકમાં એકની ભાવના એ ગુહ્ય છે, માટે સુખરૂપ છે.
સર્વ સાથે મૈત્રી છે, એટલે મારે કોઈ અપરાધી નથી.
કોઈ સાથે વેર નથી, એટલે
મારે કોઈને ક્ષમા આપવાનું પ્રયોજન પણ નથી.
હૃદયમાં વેરભાવ કે રાગભાવ ભર્યો હોય,
ત્યાં વિશ્વમૈત્રીની પ્રતિજ્ઞાનું પાલન અશક્ય છે.
ઉદારતાપૂર્વક બીજાને તેની ભૂલોની માફી આપવી અને
નમ્રતાપૂર્વક પોતાની ભૂલોની માફી માગવી, તે અહિંસા-
કરુણા કે પછી પ્રેમની સાધનાની અનિવાર્ય શરત છે.
ઉદાર અને નમ્ર બનવામાં જ પરમાત્મભાવ પ્રગટે.
પરમાત્મભાવની પ્રાપ્તિ એ જ વિશ્વમૈત્રીની છેલ્લી
મંઝિલ છે, તેથી 'ખામેમિ સવ્વ જીવે |' પ્રભુઆરાધનાનો
આનંદ જ્યાં સદા ય ગાજતો રહે છે, એ રાજમાર્ગ
ઉપર ચાલવાની શક્તિ - બુદ્ધિ મળે, એ જ અભ્યર્થના.

પ્રત્યેક જીવ તરફ અનુકંપા - પ્રેમ - મૈત્રીની ભાવના છે.
આ દૈવીગુણોનો આધારસ્થંભ એ છે કે જીવમાત્ર શિવ છે.
બધા જીવોની પાછળ એક દૈવીતત્ત્વ રહેલું છે.
પ્રતિક્ષણ આ સત્યનું પાલન કરવું, એ શિવજીવનની ચાવી છે.

પ્રભુની કરુણા અકારણ, સહજ, પરમ અને સતત
રીતે જે વહી રહી છે, તેનો અનુભવ બાળ જીવો પ્રત્યે
કરુણા દર્શાવવાનો સ્વભાવ કેળવવાથી શીઘ્ર થાય છે.

જે પુરુષ મૈત્રી, મુદિતા, કરુણા અને ઉપેક્ષા -
એ ચાર સ્મૃત્યુપસ્થાનોની ભાવના કરે છે, તે પોતાના
માટે દીપનું નિર્માણ કરે છે, એ જ ધર્મ શરણ છે.
મૈત્ર્યાદિ ૪ ભાવો અને શરણપદના અર્થનો અભેદ છે.
એ દૃષ્ટિએ ચઉશરણ સૂત્ર મહત્ત્વનું છે.

નાનાથી મોટાંમાં કેન્દ્રસ્થાને ફક્ત પોતાની જાત રહેલ છે.
અનાદિથી ભેદમાં અભેદનો અને અભેદમાં ભેદનો જે
અધ્યાસ થયો છે, તેને પલટીને ભેદમાં ભેદનો, અભેદમાં
અભેદનો સુદૃઢ બોધ - અધિભાસન રમણતા મેળવવી.

પ્ર. બધાની - પરાયાની ભીંત ક્યારે ન રહે?

ઉ. મૈત્રીભાવ દ્વારા જ્યારે પારકી પોતીકી બને ત્યારે.

જ્યાં પરાયાપણાંની ભાવના ન હોય,
ત્યાં પારકું મનુષ્ય પોતીકું બને અને જીવન સંપન્ન થાય છે.
જ્યાં બીજું મનુષ્ય પોતીકું ન હોય અને
પરાયાપણાંની ભાવના જ્યાં હોય,
ત્યાં એ બીજું મનુષ્ય આપણે માટે દુઃખદાયી થઈ પડે છે
અને જીવન વિપત્તિવાળું બની જાય છે.
સંપત્તિ અને વિપત્તિનું એક લક્ષણ એ છે કે:
જ્યારે મનુષ્યમાં પરાયાપણાંની ભાવના ઓછી થાય છે
અથવા બિલકુલ રહેતી નથી, ત્યારે જીવન સંપન્ન થાય છે.
જ્યારે પરાયાપણાંની ભાવના વધારે હોય કે તીવ્ર બને,
ત્યારે જીવન વિપત્તિવાળું થઈ જાય છે.
બધાને નિજનાં બનાવવા, અભેદ - અદ્વૈતની સ્થાપના
કરવી, એ જ મૈત્રી અને સંસ્કૃતિનો ખરો સિદ્ધાંત છે.
જીવનનું રહસ્ય આ એક જ છે.

## આજ શરણાં ધરીએ...

અરિહંત=પ્રમોદ, સિદ્ધ=ઉપેક્ષા, સાધુ=મૈત્રી, ધર્મ=કરુણા.

જેમ ખેતરમાં નાંખેલ બીજ આપોઆપ પ્રગટ થાય, તેમ ધર્મસંસ્કાર હૃદયમાં નાંખ્યા હોય તો આપમેળે પ્રગટે. મૈત્રી જીવાજીવાદિ તત્ત્વજ્ઞાનની શ્રદ્ધાબોધિ બને છે. એના ફળસ્વરૂપ દેવ-ગુર્વાદિ ઉપર બહુમાન જાગે અને ષડ્જીવનિકાયની વિરાધનાથી બચવા જીવ વિરતિવ્રત ગ્રહે.

મૈત્રી આદિ આત્માનું સ્વરૂપ છે.

અનંતાનુબંધી મિથ્યાત્વ આદિ ટળવાથી ભાવનારૂપે ઉત્પન્ન થાય અને સત્ય મુજબ વિરતિ દ્વારા સક્રિય બને છે. વિરતિ વ્રતના બધા અંગો તત્ત્વથી મૈત્રીનાં જ સ્વરૂપ છે.

હિત ઇચ્છનારા પુરુષે કલ્યાણમિત્રો સાથે મૈત્રી કરવી. આ લોકે અને પરલોકમાં તે સર્વ સંપત્તિનું કારણ છે.

ક્ષમાવાન પુરુષ સર્વ જીવો પ્રત્યે અદ્વેષી, મૈત્રી તથા કરુણાભાવવાળો, નિર્મમ, નિરહંકારી અને સુખ-દુઃખમાં સમાન હોય છે.

## તાત્ત્વિક મૈત્રી શું છે ?

સર્વ જીવોમાં આત્મસ્વરૂપ અથવા
પરમાત્મસ્વરૂપના દર્શન જ તાત્ત્વિક મૈત્રી છે.
ક્રોધ પ્રીતિનો, માયા મૈત્રીનો, માન વિનયનો અને
લોભ એ સર્વ કષાયનો નાશ કરે છે.
મૈત્રીનાશથી પ્રત્યય - પ્રતીતિ - વિશ્વાસનો અંત આવે છે.
મોહોદય આત્મસ્થિરતાનો વિરોધી હોઈ વ્યાકુળતા જન્માવે.
સર્વ જીવોને સત્તાએ શુદ્ધ સ્વરૂપવાળા જોવાની ટેવ
પાડવાથી ઉચ્ચ કોટિની ચંદનગંધતુલ્ય મૈત્રી કેળવી શકાય.
આત્મદૃષ્ટિથી સર્વને સરખાં કે સત્તાગત જોવા,
પરમાત્મદૃષ્ટિથી અન્યને મોટાં જોવા તથા
વ્યવહારદૃષ્ટિથી પોતાને નાનો જોવો.
આવી માયા, માયાને જીતવા માટે ઉપયોગી નિવડે છે.

પરઅપમાન તે પરવધ.

પરનિન્દા તે પરઘાત - બીજાનું અપમાન તે બીજાનો વધ.
જીવો પ્રત્યેની મૈત્રી આ વધમાંથી સૌને બચાવે છે.

કોઈપણ જીવ પરમાત્માથી ભિન્ન નથી.

પ્રત્યેક જીવની વર્તમાન સ્થિતિ જ દરેક
વિવેકશીલ માટે પરમાત્મતત્ત્વની એક ઉપાસનીય છે.
જીવનો જે કોઈ ભાવ છે, તે પરમાત્માથી ભિન્ન નથી જ.
દરેક જીવમાં વર્તમાન એવું પરમાત્મતત્ત્વ જે ન જોઈ શકે,
તે સાધના કેમ કરી શકાય? જીવોમાં મૈત્રીનો ભાવ એ એક
એવી વસ્તુ છે કે જેમાં બધું જ સુંદર સમાઈ જાય છે.
આંતરશૌચ તથા મૈત્રી, પ્રમોદ વગેરે ૪ ભાવના ઉપરાંત
સંતોષ - તૃપ્તિની ભાવના ઈશ્વરના શુદ્ધ સ્વરૂપનું ધ્યાન
અને પ્રણિધાન સાથે અત્યંત આવશ્યક ગણાયું છે.

જગત પ્રત્યે મૈત્રી કરવા માટે મન છે અને
પોતાને આત્મસ્વરૂપે ઓળખવા માટે શરીર છે.
શરીર અને મન સાથે મૈત્રી રાખવા કરતાં
સત્, ચિત્ અને આનંદ સાથે જ મૈત્રી રાખવાથી
સમગ્ર વિશ્વ સાથે રૂડી મૈત્રી સધાય છે.
મૈત્રીનું તત્ત્વજ્ઞાન શીખવે છે કે: જીવો નથી, કર્મ અપરાધી.

## શુભથી પણ શુભતર શું?

શુભથી પણ શુભતર, શુદ્ધ, શુદ્ધાતિશુદ્ધ એક આત્મા છે.
જીવનના કાર્યો કરતી વેળા બની શકે એટલી વિવેકબુદ્ધિ
વાપરી, પરન્તુ વચ્ચે વચ્ચે આત્મવિચાર કરતાં રહો.
તે સદા યોગ્ય છે કે એથી પ્રત્યેક કાર્યમાં ઉત્સાહના પૂર
વહે છે; મૈત્રી આદિનું પાલન સ્વાભાવિક બની જાય છે.
સમકીતની ભૂમિકામાં સૌના હિતની ભાવના હોવી જોઈએ.

મૈત્ર્યાદિ ભાવો જ ધર્મનું મૂળ છે.

આત્માને પરમાત્મસ્વરૂપમાં વિસર્જન કરવાનો
સાચો અધિકાર ત્યાર બાદ જ પ્રાપ્ત થાય છે.

પ્રભુનો ભક્ત સર્વ તરફ મૈત્રી અને સમભાવ રાખે છે.
તે સદા સૌનું ભલું જ ચાહે છે, કોઈની લાગણીને ન દુભાવે.

મુક્તિની ઈચ્છા મહેરથી યોગ્ય છે.

મૈત્રી મુક્તિની ઈચ્છા જગાવે છે, તે તેનું ફળ છે.

પરમાત્માને વહેંચવાના નહિ, પરન્તુ પામવાનાં હોય છે,
રોમરોમમાં અનુભવવાના હોય છે.

મનમંદિરમાં મૌન - વિવેકરૂપી દીવો પ્રગટાવીને
હૃદયરૂપી સિંહાસન ઉપર ભક્તિનું બિંબ આરોપવાનું છે.
મૌનભાવે જેનું ચિત્ત શુદ્ધ થયું, અહંભાવરહિત બન્યું,
તેનો પ્રાણ સહજ રીતે વિશ્વપ્રાણ સાથે એકતા ગ્રહે છે.
વિષયો ઇંદ્રિયોને તૃપ્ત કરે છે, મૌન મનને તૃપ્ત કરે છે
અને ભક્તિ આત્માને તૃપ્ત કરે છે.
પોતાના જ્ઞાનને નહિ પણ અજ્ઞાનને જાણનાર ખરો જ્ઞાની છે.
મૌનનો પ્રાણ પ્રેમ છે અને પ્રેમનો પ્રાણ ક્ષમા છે.
ક્ષમા આપે તે વીર - ક્ષમા માંગે તે મહાવીર છે.
એકમાં ક્રોધને - બીજામાં ક્રોધ - માન ઉભયને જીતવાનું છે.
ક્ષમા આપે ક્રોધ જીતાય અને ક્ષમા માંગે માન જીતાય છે.
પ્રીતિ અનુષ્ઠાનમાં મૌનભાવનો વિકાસ છે,
ભક્તિ અનુષ્ઠાનમાં પ્રમોદભાવની સાધના તથા
ઉપકારના સ્વીકાર સાથે અનૃણી થવાની ભાવના છે,
વચન અનુષ્ઠાનમાં કારુણ્યભાવની પ્રધાનતા છે અને
અસંગ અનુષ્ઠાનમાં માધ્યસ્થભાવનો વિકાસ છે.

'ક્ષીરનીરોપમા મૈત્રી' અને 'તુલારોપણાધિકરણ'

ક્ષીર અને નીર એકત્ર થતાં પછી ઉભયનો અભાવ
થઈ જાય અને એક નવો ત્રીજો ભાવ ઉત્પન્ન થાય છે.
'ક્ષીર' એટલે સ્વપ્રદેશત્વ કે પરપ્રદેશત્વ અને
'નીર' એટલે પરપ્રદેશત્વ કે સ્વપ્રદેશત્વ.
તેના એકીકરણમાંથી સર્વ પ્રદેશત્વ અભિન્ન થાય છે,
જે સ્વ કે પરપ્રદેશત્વના સ્વભાવને ત્યાગે છે.
અહીં સ્વપર ભેદ નાશ પામે છે અને
એક અખંડ અદ્વૈત વિલસે છે.
આવા ક્ષીરનીરોપમા મૈત્રી - તુલારોપણ ઉભયોને ધારણ
કરનારા સૌ મહાત્માઓને વિષે મુદિતાને ધારણ કરવી,
એ જીવનનો સર્વશ્રેષ્ઠ લ્હાવો છે.
આવા મુદિતાનું ફળ સર્વહિતાવહ કરુણા છે.
માધ્યસ્થ્ય એટલે પૂર્વની ત્રણ ભાવનાઓના મિશ્રણમાંથી
અભિન્ન થયેલ એક નવા સ્તર પરિણતિ.
રત્નશુદ્ધિ વ્યવહાર = મૈત્ર્યાદિ ચતુષ્ટય (વ્યવહારના રત્ન).

તત્ત્વાર્થ ભાષ્યમાં ઉપશમ - પ્રશમ - મૈત્રી વિષે કહ્યું છે કે:

ભાવયેત્ યથાસંખ્યમ્ મૈત્રીં સર્વ સત્ત્વેષુ,

ક્ષમેઽહં સર્વ સત્ત્વાનાં।

મૈત્રી મે સર્વ સત્ત્વેષુ, વૈરં મમ ન કેનચિત્ ઇતિ।

ક્ષમા કરે નહિ તો સમ્યક્ત્વ ટકે નહિ.

ક્ષમાપનારૂપ મૈત્રીનો સમ્યક્ત્વ સાથે અવિનાભાવ છે.

ઉપશમ - ક્ષમાપના - મૈત્રીને જૈનશાસનનો સાર કહ્યો છે.

પ્રશમ અને ઉપશમ એ મૈત્રીના પર્યાય શબ્દો છે.

એ રીતે બાહ્ય મૈત્રી તે સમ્યગ્દર્શનનું લિંગ અને

અભ્યંતર મૈત્રી તે સમ્યગ્દર્શનના પરિણામ છે.

जेणमेत्तीं पभावेज्जा, तं नाणं जिणसासणे। અર્થાત્:

જેના વડે મૈત્રી ભાવી શકે, તે જ્ઞાન જિનશાસનમાં છે.

અહીં જ્ઞાનનું ફળ મૈત્રીની પ્રભાવના કહ્યું છે.

સમજવું આવું સરલ મૈત્રીભાવ જાણો.

પાપ = મૈત્રીનો અભાવ, સ્નેહનો અભાવ.

મંગળ = પ્રમોદાદિનો સદ્ભાવ, સ્નેહનો સદ્ભાવ.

'દેવ - ગુરુ - ધર્મ ત્રણેનું મૂળ મૈત્રીભાવમાં રહેલ છે'
એ તાત્ત્વિક ચિન્તનથી તત્ત્વ ઉપર ભક્તિ સતેજ બને છે.

માત્ર વૈરાગ્યના ઉપદેશથી
શાસનની વ્યવસ્થા શક્ય નથી, પરન્તુ વૈરાગ્યની સાથે
મૈત્રી મળીને જ શાસનના મૂળને ઊંડા લઈ જાય છે.

સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્ર એ મોક્ષમાર્ગ છે,
કેમકે તે ત્રણે મૈત્રી આદિ ભાવોથી અનુસ્યૂત છે.

મૈત્રી આદિ ભાવનાનો સાર પણ માધ્યસ્થ્ય ભાવના છે.

મૈત્ર્યાદિ ભાવનાઓની જેમ અનિત્ય આદિ
૧૨ ભાવનાઓ આત્માને સીધે સીધો સ્પર્શ કરે છે.

એ ભાવનાઓ વડે નિર્જરા અને
તેની સાથે સાથે કુશલલાભ પણ થાય છે.

પ્રભુ સાથેનો સંબંધ આશ્વાસનમાંથી વિશ્વાસમાં આવે છે.

વિશ્વાસથી મૈત્રી વધે છે.

વિશ્વાસમાંથી મૈત્રી, મૈત્રીમાંથી પ્રેમ, પ્રેમમાંથી આત્મીયતા
અને આત્મીયતામાંથી તદ્રૂપતા આવે છે.

## મૈત્રીપ્રમુખ ચૈતન્યરૂપ લલના

'જૈસે લલના લલિત મેં, ભાવ ધરતું તે સાર,
તૈસે મૈત્રી પ્રમુખ મેં, ચિત્ત ધરિ કરિ સુવિચાર.'

અહીં મૈત્રીભાવને સર્વોત્તમ ભાવ સાથે સરખાવ્યો છે.
આપણા ચિત્તના તે લલના અને સર્વ ભાવો તે લલિત.
કેવી ઉદાત્ત કલ્પના! સર્વ સમર્પણનો અહીં ધ્વનિ છે.
તે જ સાર્વકાલિક - સાર્વદૈશિક મૈત્રીનો તાત્વિક અર્થ.

Imp દુનિયામાં હંમેશા દાતાની ભૂમિકા લેવી.
કશો પણ બદલો મેળવવાની આશા વિના બધું આપતાં શીખો.
પ્રેમ આપો, સહાય આપો, સેવા આપો, તમારાથી જે કાંઈ
આપી શકાય તે આપો, પરન્તુ બદલાનો વિચાર છોડી દેવો.
આત્મત્વજાતિની અંતર્ગત પંચ પરમેષ્ઠિ ભગવંતો છે.

તેમના ગુણ અને સુખનો બોધ પ્રમોદ અને
હર્ષ થવો જોઈએ, તેમ તે જ જાતિની અંતર્ગત રહેલાં
તથા ધર્મ નહિ પામેલા જીવો ધર્મ પામે,
એવો કરુણા - મૈત્રીનો ભાવ પણ જાગવો જોઈએ.

ગચ્છની કરુણા પામ્યા વિના શું થાય?
તે વિના શિષ્યાત્માઓમાં અંતઃપ્રકાશનો ઉદય દુઃશક્ય છે.
ગચ્છમાં જે કરુણા રહેલી છે, એ જ ગચ્છતત્ત્વ છે,
જે દેવતત્ત્વમાંથી ગચ્છતત્ત્વમાં પ્રવેશે છે.
ધર્મતત્ત્વ કરુણારૂપ છે.
કરુણાનો અસ્ખલિત સનાતન પ્રવાહ
અનાદિકાળથી આ વિશ્વ ઉપર વહ્યા જ કરે છે.
તે તે તીર્થંકરોમાં તે તે વિશેષરૂપે દર્શન આપે છે.
આ રીતે કરુણાનો માર્ગ અબાધિત, અસ્ખલિત અને સતત
પ્રવાહિત રહે છે તથા કલ્યાણગંગા સતત પરિપૂર્ણ છે.
તે કરુણાનો જ જો વિનાશ થાય, તો માર્ગ અબાધ વહે
જ શા રીતે? તીર્થંકરો અને ગચ્છો તો નિમિત્તમાત્ર છે.
કરુણાતત્ત્વ સ્વપ્રયોજન અર્થે તીર્થંકરો અને ગચ્છોને
અસ્તિત્વમાં લાવે છે અને એ રીતે વ્યક્તિમાં તે સ્વસત્તાનાં
દર્શન કરાવે છે. જ્ઞાનચૈતન્ય અને કરુણા અસ્પષ્ટ છે.
બુદ્ધિમાન પુરુષોની પ્રવૃત્તિ સ્વાર્થ-કરુણાવાળી હોય.

જ્ઞાનની યથાર્થતાની કસોટી વૈરાગ્ય છે તથા
ક્રિયાની શુદ્ધિની કસોટી મૈત્રી છે.

મૈત્રીનો અભ્યાસ અને વિષયોનો વૈરાગ્ય એ મોક્ષમાર્ગ છે.

મૈત્રી અને વૈરાગ્યનો અહંકાર ન થાય,
તે ખાતર પણ પ્રભુની ભક્તિ આવશ્યક છે.

ભક્તિ એ ક્રિયા અને જ્ઞાનના અભિમાનને રોકે છે તથા
મૈત્રી અને વૈરાગ્યના અહંકારને તોડે છે, કેમકે
જ્ઞાન - મૈત્રી - ક્રિયા - વૈરાગ્ય જેમાં પ્રકર્ષને પામેલાં છે,
તે ભગવાન અહંકારરહિત છે.

સુખમાં વૈરાગ્ય અને દુઃખમાં મૈત્રી -
એ સુખ અને દુઃખને જીતી જવાના ઉપાય છે.

દુઃખને ટાળવા માટે દુઃખ આપનાર પ્રત્યે મૈત્રી જોઈશે.
સુખને દમવા માટે સુખનાં સાધનો પ્રત્યે વૈરાગ્ય જોઈશે.

લાગણીપ્રધાન માનવમાં જ વિશ્વમૈત્રીભાવ આકાર લઈ શકે.

બુદ્ધિનું બળ ઝઘડા કરાવીને ભેદ પાડશે, જ્યારે
લાગણીની કળ મૈત્રી કરાવીને અભેદ સાધશે.

૪ ભાવનાઓ મોક્ષમાર્ગમાં જીવોનો ઉદ્ધાર કઈ રીતે થાય?

મૈત્રીથી જીવોને સ્નેહ મળે છે,
પ્રમોદથી જીવોને વાત્સલ્ય મળે છે અને
ઉપબૃંહણા અને સ્થિરીકરણ પણ થાય છે.
વળી કારુણ્યથી જીવોને સહાય મળે છે અને
માધ્યસ્થ્યથી જીવોને પરમ આશ્વાસન મળે છે.

કોઈપણ ધર્મનિયમ 3 કરણ અને 3 યોગપૂર્વક જ પૂર્ણ બની શકે છે. મનકરાવણ અને મનઅનુમોદન વિશ્વમૈત્રીના - વિશ્વહિતચિન્તનના ભાવની અપેક્ષા રાખે છે. કરુણા અને પ્રમોદ ભાવનાની સ્થૂલ દશાને ભયો નડવાના જ. જ્યાં નમ્રતા - ત્યાં નિર્ભયતા. ભયનો વા અડે, તો ભક્તિ કાચી. ભક્તિજન્ય મૈત્રીભાવને પ્રભાવે ભય પમાડવામાં નિમિત્તભૂત બનવાની વૃત્તિ મનના મૂળથી ઉખડી જાય છે.

ધર્મશ્રદ્ધા, પ્રભુભક્તિ, જીવમૈત્રી - ત્રણમાંથી એકનું પણ અપમાન જ્યારે વાણી, વિચાર અને મન વડે થતું અટકે, ત્યારે નિર્ભયતાનું સામ્રાજ્ય પ્રાપ્ત થાય છે.

'મિત્તી મે સવ્વભૂએસુ ।'

જીવમાત્રની મૈત્રી એ જૈનધર્મનો મૂળભૂત સિદ્ધાંત છે.

પરસ્પર જીવ - અજીવના સંબંધનું જ્ઞાન
એ સમ્યગ્દર્શન રૂપી ધર્મરૂપવલ્લિની પીઠિકા છે.

લાખો રૂપિયા આપી, છતાં એવા ને એવા રહેનાર કરતાં પાઈ
આપી વિશ્વપ્રેમનો અનુભવ કરનાર મહાન દાનેશ્વરી છે.

ધર્મ કે તત્ત્વજ્ઞાનના ગ્રંથોમાં એ કારણે જ
મૈત્રી, કરુણા, સમભાવ વગેરે ઉપર ભાર અપાય છે.
સમગ્ર જૈન આચારનો ભાર આંતરભાવ ઉપર છે,
તે કયો ભાવ ? જો એ પ્રશ્ન થાય, તો તેનો ઉત્તર
એ છે કે આત્મૌપમ્યભાવ અથવા સમભાવ.

અહિંસાના બે પ્રકાર છે:
હિંસા ન કરવી એ નિવૃત્તિરૂપ અને સકલ જીવો પ્રત્યે
મૈત્રી રાખી તેમના કલ્યાણનો પ્રયત્ન કરવો તે વિધાયકરૂપ.
જીવનમાં કરુણા, અનુકંપા, દયા કે દાન -
એ બધાં અહિંસાના વિધાયક તત્ત્વને આભારી છે.

પ્રભુ પાસે બે શક્તિ છે: (૧) પ્રેમ (૨) કરુણા.

પ્રેમ એટલે ગંગા અને કરુણા એટલે પાર્વતી.

પ્રેમશક્તિ કરતાં પણ કારુણ્યશક્તિ વધુ સુંદર લાગે છે.
કરુણામાં પ્રભુની શ્રેષ્ઠતા છે, જ્યારે પ્રેમમાં સમાનતા છે.
આત્મામાં મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્યરૂપી
શુભ ભાવોને સદા જાગ્રત રાખવા માટેની
સામગ્રી પૂરી પાડનાર કોઈ હોય, તો તે જીવનું જીવત્વ,
ગુણાધિકત્વ, દુઃખીત્વ અને પાપપરાયણત્વ છે, તેથી
વ્યવહાર નયે તે તે ભાવોનું સ્વામીત્વ તે તે જીવોનું છે.
જો તે તે જીવોની તેવી અવસ્થા ન હોય, તો આત્મામાં
તેવા મૈત્ર્યાદિ શુભ ભાવો જાગે જ કેવી રીતે?
અને એ ભાવો ન જાગે તો
આત્માની અનાદિકાલીન મલીનતા ટળે જ કેવી રીતે?
એ મલીનતા કર્મના સંબંધમાં આવવાની યોગ્યતા રૂપ
વિષયાસક્તિ છે. તે વિષયાસક્તિને જેર કરવા માટે
તેનાથી વિપરીત એવી ચૈતન્યભક્તિ એ જ ઉપાય છે.

## કઈ શક્તિ મૈત્રીભાવ દ્વારા પ્રગટે ?

મૈત્રી અને કરુણા એ માત્ર નીતિનો જ નહિ,
પરન્તુ ધ્યાનમાર્ગનો પણ પાયો છે.
પોતાની ભૂલની ક્ષમા નહિ પણ સજા માંગો.
બીજાની ભૂલની સજા નહિ પણ ક્ષમા આપો.
તેજસ્વી પુરુષોમાં આ શક્તિ મૈત્રીભાવ દ્વારા પ્રગટે છે.
જેમનું શિવત્વ આવિર્ભાવ પામ્યું છે,
તેમના પ્રત્યેનો સ્નેહ ભક્તિરૂપે અને જેમનું શિવત્વ
તિરોહિત રહેલું છે, તેમના પ્રત્યેનો સ્નેહ કરુણારૂપે પરિણમે
તથા શિવત્વથી વિરુદ્ધ વર્તનાર જીવો પ્રત્યેનો સ્નેહ
આપણા સૌની મહીં સ્થિત માધ્યસ્થભાવને પોષે છે.
એ રીતે મૈત્રી, મુદિતા, કરુણા અને માધ્યસ્થ-
એ ચાર ભાવમાંથી કોઈપણ એક પ્રકારનો ભાવ જીવોના
જીવત્વની કદરરૂપ હોવાથી અને એ કદર સ્નેહભાવ
સિવાય અશક્ય હોવાથી સ્નેહપરિણામને જ નમસ્કાર
પદાર્થના એક વિભાગ તરીકે સમજવો જરૂરી થઈ પડે છે.

માનવમાત્ર અને પ્રાણીમાત્ર પ્રત્યે
સ્નેહાર્દ્રતા દાખવવાની સુકુમાર કરુણાવૃત્તિ એ જીવનમાં
ધર્મની પ્રતિષ્ઠા કરવાનો એક અને અદ્વિતીય માર્ગ છે.

'મૈત્રી પવિત્રપાત્રાય ।' એ ભગવત્તા છે.

મૈત્ર્યાદિ ૪ વૃત્તિઓ જ ભક્તિના ૪ મુખ છે.

એ ૪ મુખમાં ૪ વેદ સમાયેલાં છે.

એકલો ૐકાર એ સૂક્ષ્મ વેદ છે.

સુખી પ્રત્યે મૈત્રીભાવ, ગુણી પ્રત્યે પ્રમોદભાવ,
દુઃખી પ્રત્યે કરુણાભાવ અને
દુષ્ટો પ્રત્યે ઉપેક્ષાભાવ જો રખાશે,
તો આખી દુનિયામાં આપણો વિજય છે.

મૈત્રીવિહિન શબ્દના દુરુપયોગથી સેતુઓ જબરદસ્ત અને
જળાશયો જેવા જળાશયો પણ ઝેરયુક્ત બની શકે છે.

'સર્વ જીવેષુ મૈત્રી સામ ગદ્યતે ।'
અર્થાત્: સર્વ જીવો પ્રત્યેની મૈત્રીને 'સામ' કહેવાય.

આત્મૌપમ્ય ભાવ એ જ પરમ સત્ય.

પ્રત્યેક ધર્માનુષ્ઠાન મૈત્ર્યાદિ ભાવ સંયુક્ત જોઈએ.
નમ્રભાવ, આર્દ્રભાવ, સમ્યગ્દર્શન, પ્રભુભક્તિ,
જીવમૈત્રી આદિ એકબીજાથી સંકળાયેલા જ ભાવો છે.
'મને જે મળે છે, તે કર્મથી મળે છે' એ સિદ્ધાંત
ભલે સાચો હોય, પરન્તુ 'તે પ્રભુ મોકલે છે'
એ વિચાર કરવો, એ પ્રેમ - ભક્તિ - પાવિત્ર્ય છે
અને એ જ સાચું - કૃતજ્ઞતાભર્યું જીવનદર્શન છે.
અ = પૃથ્વી, ઉ = અંતરિક્ષ, મ = સ્વર્ગ.
આ ત્રણે જગતમાં સુખી થવાના બે જ માર્ગ છે:
સ્વમાંથી મમત્વનો ત્યાગ અને સર્વમાં મમત્વનો ભાવ.
સર્વમાં મારાપણું એટલે મૈત્રી એટલે...
પ્રભુને સર્વ સમર્પણ એટલે સર્વ કર્તૃત્વનો ત્યાગ.
દર્શનાચારના પ્રથમ ચાર આચાર કરણરૂપ છે,
પછીના ચાર આચાર કરાવણ અને અનુમોદનરૂપ છે.
સમ્યગ્દર્શનના ૮ આચાર ઉપરાંત ૪ ભાવ - મૈત્રી,
પ્રમોદ, કારુણ્ય તથા માધ્યસ્થભાવને પરસ્પર સંબંધ છે.

'નમો અરિહંતાણં'માં અરિહંતોની કરુણાને નમસ્કાર છે.

પાંચ વિષયો પ્રત્યે વિરાગ અને ત્યાગના આલંબનમાં
જેમ અરાગ અને અવિરતિજન્ય આશ્રવ રહેલો છે,
તેમ જીવો પ્રત્યે મૈત્રી અને કરુણાના આલંબનમાં
મિથ્યાત્વ અને અજ્ઞાનજન્ય આશ્રવ રહેલો છે.
કરુણાના આલંબનમાં દુઃખ અને દુષ્કૃત્યની અનુમોદના છે
તથા સુખ અને સુકૃતની ઉપેક્ષા છે.
ભક્તિનો આલંબન ગુણદ્વેષનો સૂચક છે,
કરુણાનો આલંબન પાપરાગને સૂચવે છે.
પાપના જેવા દોષો પાપરાગથી ઢંકાય છે અને
ધર્મના જેવા ગુણો દ્વેષથી આવરાઈ જાય છે.
કરુણાના આલંબનમાં દુષ્કૃતની અનુમોદના છૂપાયેલી છે,
ભક્તિના આલંબનમાં સુકૃતની ગર્હા (ઉપેક્ષા) છૂપાયેલી છે.

ધર્મની ૧૨ પત્નીઓ: શ્રદ્ધા, દયા, મૈત્રી, શાંતિ, પુષ્ટિ,
ક્રિયા, ઉન્નતિ, બુદ્ધિ, મેધા, સ્મૃતિ, તિતિક્ષા અને મુક્તિ.
તેની સાથે લગ્ન કરવાથી પ્રભુ મળે છે.

જીવો પ્રત્યે અમૈત્રી એ... મોટું પાપ છે,
મહામિથ્યાત્વ છે, પરમ સત્ય એવા જીવતત્ત્વનો વિરોધ છે,
અનંતાનંત આત્માઓની પરમ ઉપેક્ષા છે,
અનાદર છે, અવગણના છે, પરમ સંકુચિતતા છે,
ચૈતન્ય તત્ત્વ પ્રત્યે પરમ દુષ્ટભાવ છે.
તેનો નાશ એક મૈત્રી વડે જ શક્ય છે.

જીવો પ્રત્યે મૈત્રી એ... મોટું પુણ્ય છે,
પરમ આસ્તિકતા છે, સત્ય અને સિદ્ધ એવા પરમ
જીવસ્વરૂપનો સ્વીકાર છે, આદર છે, બહુમાન છે,
એકત્વનો અનુભવ છે, અનંત સંખ્યા અને ગુણનો
ગુણાકાર છે, વર્ગ છે, વિશાળતા છે, વિવેક છે.

એ મૈત્રીભાવને મૂળથી અને ફળથી, પત્રથી અને પુષ્પથી, સ્કંધથી અને શાખા - પ્રશાખાથી જેઓએ સિદ્ધ કર્યો છે, તેમનો નમસ્કાર, તેમની શરણાગતિ, તેમની સ્થાપના તથા તેમની ભક્તિ જીવની અમૈત્રીભાવરૂપી અયોગ્યતાનો નાશ કરી જીવની મૈત્રીભાવરૂપી યોગ્યતાને વિકસાવે છે.

જીવો પ્રત્યે મૈત્રીના બે પ્રકાર બને છે:
એક તો સીધો હિતચિંતાનો ભાવ અને
બીજો હિતચિંતાના ભાવથી વિરુદ્ધ ભાવનો અભાવ.
'જીવોનું હિત થાઓ' એવા ભાવનો વિરોધભાવ
જેને ન હોય, એમાં પણ એમ માનવું જોઈએ કે:
એને મનથી હિતભાવનું કથંચિત્ અનુમોદન છે.
પરહિતચિંતાનો અધ્યવસાય ન હોય, તેને પણ જો તે
અધ્યવસાયના વિરોધનો ભાવ ન હોય,
તો તે 'ન નિષિદ્ધં અનુમતં'ના ન્યાય દ્વારા
કથંચિત્ મૈત્રીના ભાવવાળો કહી શકાય.
મૈત્રીને તે ખરાબ માનતો નથી,
એ અંશમાં તેનામાં ઉપાદેય બુદ્ધિ છે.
વિરોધ ન હોવો અને સત્કાર હોવો, એ બે પદાર્થ એક નથી.
ફળ = પરમ અહિંસક ભાવ.
તેની સિદ્ધિ અર્થે સકલ આચારનું નિર્માણ કરવાનું છે.
ફળવિસ્તાર = મૈત્ર્યાદિ ૪ ભાવનાઓ.

'કોઈપણ જીવ દુઃખી ન થાઓ'

એવી બુદ્ધિ પ્રગટ ન જાગે, ત્યાં સુધી સતતપણે દુઃખી જીવોના દુઃખની અનુમોદનાનો પરિણામ ચાલે છે.

તેનાથી બચવા માટે મૈત્રીભાવથી એટલે પરહિતચિન્તાના પરિણામથી ભાવિત થવાની જરૂર છે.

'કોઈપણ જીવ દુઃખી ન થાઓ' અને 'કોઈપણ જીવ પાપ ન કરો' એ જાતની બુદ્ધિ મૈત્રી છે. એ મૈત્રીના પરિણામ વિના મિથ્યાત્વજન્ય, અમૈત્રીજન્ય, અજ્ઞાનજન્ય આશ્રવ રોકાતો નથી. ન નિષિદ્ધં અનુમતં। એ ન્યાયે પણ વિશ્વજન્તુનાં પાપ અને દુઃખની અનુમોદના, તેનો નિષેધ ન કરવાના પરિણામે સતત ચાલ્યા કરે છે, તેને અટકાવવા માટે જ મૈત્રીભાવની ખાસ જરૂર છે.

જીવરાશિ ઉપર સ્નેહપરિણામ એ મૈત્રી છે. એ મૈત્રીની સિદ્ધિ પંચ પરમેષ્ઠિ નમસ્કારને સ્વાધીન છે.

પરસ્પરોપગ્રહના સિદ્ધાન્ત અનુસાર પરમેષ્ઠિનો નમસ્કાર જીવોની મૈત્રીને વિકસાવવા કર્મરૂપી ઋણથી મુક્ત બનાવે છે.

જૈન મતે 'શક્તિપાત' એટલે સ્વ-ભિન્ન પર પ્રતિ મૈત્રી,
પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્યભાવનો સ્વીકાર છે.
મૈત્રીથી મૈત્રી મળે છે તથા પ્રમોદથી પ્રમોદ મળે છે,
કારુણ્યથી કરુણા મળે છે, માધ્યસ્થ્યથી માધ્યસ્થ્ય મળે છે.
પર તરફથી મેળવવાનો ઉપાય પરને આપવું તે છે.
ભગવાનની શક્તિ પોતામાં મેળવવાનો ઉપાય
ભગવાન પ્રત્યે મૈત્ર્યાદિ ભાવ રૂપે ખૂલતું થવું, તે છે.
વીર્ય વધારવાનો ઉપાય કહો કે શક્તિ મેળવવાનો પ્રકાર,
તે પર પ્રત્યે મૈત્રી આદિ ભાવ ધારણ કરવો, તે છે.
નમસ્કારભાવ મૈત્ર્યાદિ ચાર રૂપે અભિવ્યક્ત થાય છે.
આત્મસ્વરૂપ દર્શાવે એ સાચી વિદ્યા, મુક્તિ અપાવે તે
ઉપદેશ. આત્માનુભવ જાણવા નહિ, કરવા માટે જ છે.
કરુણા, પ્રમોદ, તિતિક્ષા અને માધ્યસ્થ્યાદિ આત્મગુણોને
વિકસાવનાર પરનું દુઃખ, સુખ, ગુણ, પાપ છે. તેથી
ઉપકાર નથી તે ૪ ગુણોનો આવિર્ભાવ કરાવી આપનાર
'પર' તત્ત્વ મોક્ષમાર્ગે જતાં સાધકને પરમ ઉપકારક છે.

## મમત્વભાવમાંથી સમત્વભાવ તરફ...

'બીજાનું સુખ એ મારું સુખ, બીજાનો ગુણ અને પુણ્ય એ મારાં; બીજાના દુઃખ તથા દોષ એ મારાં દોષ છે' એવી બુદ્ધિ મમત્વભાવમાંથી સમત્વભાવ પ્રગટાવે છે. વળી તેથી પરમાત્મા સાથે આત્માનું ઐક્ય અનુભવવાથી મિથ્યા અહં વિલીન થઈ જાય છે પણ મૂળ પ્રશ્ન છે કે બીજાનાં સુખ-દુઃખ કે પુણ્ય-પાપને સ્વનાં કેમ મનાય? એ માનવાનો એક ઉપાય છે: 'સુખ-દુઃખ બીજાનાં છે પણ તેનાથી મૈત્રી અને કરૂણાની લાગણી પોતામાં જન્મે છે. પુણ્ય - પાપ બીજાનાં છે પણ તેના તરફ દ્રષ્ટિ કરવાથી મુદિતા અને માધ્યસ્થ્ય પોતામાં જાગે છે' એવું વિચારવું. મૈત્રી આદિ ચાર ભાવનાઓમાં જગાડનાર સુખ-દુઃખ,

પુણ્ય - પાપ બીજાનાં હોવા છતાં પોતાને ગુણકારી થાય છે, તેથી તે પોતાનાં જ ગણવા જોઈએ.

બીજાનો જીવ બીજાને વહાલો છે, તેથી આપણને પણ વધુ વહાલો લાગવો જોઈએ.

શ્રી આચારાંગ સૂત્ર - ૧૬૪માં પણ કહ્યું છે કે:
'જેને તું હણવા માંગે છે, તે તું જ છે.
જેને તું પરિતાપ ઉપજાવવા માંગે છે, તે પણ તું જ છે.
જેને તું દબાવવા માંગે છે, તે પણ તું જ છે.
જેને તું મારી નાંખવા માંગે છે, તે પણ તું જ છે.
આમ જાણી-સમજી મહાપુરુષ કોઈને હણતો કે હણાવતો નથી.'
આ જીવમૈત્રી જ છે ને?
'બીજાનાં દુઃખથી પોતાને જે કરુણાભાવ જાગે છે,
તે મોટો લાભ પોતાને બીજાથી થશે' એવું વિચારવું
અને એ જ ન્યાય પુણ્ય - પાપ માટે સમજવો.
બીજાનું પુણ્ય અનુમોદન દ્વારા અને પાપ કરુણા દ્વારા
આપણા પણ આત્માને ગુણકારી થાય છે એટલે કે તે
બન્ને કેવળ બીજાના નહિ પણ પોતાના પણ છે.
વાસનામુક્તિ અને કરુણામાં પ્રતિષ્ઠા જ સત્યાનુભવ છે.
એને જ બીજા શબ્દોમાં 'અહિંસા' કહે છે.
વૃત્તિઓને શુદ્ધ કરો - શૂન્ય કરો, તો સંસાર મટી જશે.

## આપણી આજ સુધીની ભૂલ - કૃતઘ્નતા

આપણે આજ સુધી પરસ્પરને પીડાકારક, અહિતકારક,
અસુખકારક વેદના આપીને જીવ્યા છીએ, વળી
સુખ આપનાર તરફ કૃતજ્ઞતાનો ભાવ દાખવ્યો નથી,
માત્ર પોતાના જ સુખની ચિંતા કરી છે અને
જગત સર્વ પ્રત્યે ઉપેક્ષાભાવને ધારણ કર્યો છે,
એનું જ બીજું નામ મિથ્યાત્વનું સેવન અને
અનંતાનુબંધી કષાયોનું રક્ષણ કહ્યું છે.

પંચમ કાળના આ સમયે...

(૧) ગુણગ્રાહી થોડાં (3) પરદુઃખે દુઃખિયા થોડાં
(૨) પર ઉપકારી થોડાં (૪) ગરીબ પર સ્નેહ રાખે તે થોડાં.

જગત, વૃક્ષાદિમાં જેમ જળ સર્વ સ્થળોએ રહેલું છે,
તેમ પરોપકારભાવની સાધના સર્વ યોગોમાં વ્યાપક છે.
પરોપકારની સાધના જગતરૂપ છે અને
સર્વાત્મભાવની સાધના જળરૂપ છે.
જળ વિના જગત - જગત વિના જળ પેદા ન થાય.

કૃતઘ્નતા અને સ્વાર્થપરતા એટલે
પોતાનામાં રહેલા મોટામાં મોટા બે દોષ.
તે બંને દોષોનું નિવારણ
પરોપકાર અને ભક્તિ કરવામાત્રથી જ થઈ જાય છે,
કેમકે ભક્તિ એ કૃતજ્ઞતા અને પરાર્થતા રૂપ છે.
ઉપકારને જાણવાથી કૃતજ્ઞતા અને
ઉપકારને કરવાથી પરાર્થતા આવે છે.
પરોપકારથી થતાં સર્વના કલ્યાણમાં જ
આપણા સહુના સર્વ કલ્યાણ રહેલાં છે.
તીર્થંકરની દેશનામાં ત્રણ ભુવનનું હિત જ હોય છે,
તેમાં કેવળ પરોપકારવૃત્તિ જ હોય છે.
તેઓના હૈયામાં જરા પણ સ્વાર્થની વાત હોતી નથી.
વાત્સલ્યભાવ એ પરમાત્માના સ્વરૂપનો એક અંશ છે.
પરોપકાર એટલો પવિત્ર અને મહિમાવંત છે કે
તે બાબતની અવહેલના કરી શકતો નથી.
પરોપકારમાં - સદ્ભાવમાં એકાત્મભાવ છે.

પરોપકાર એટલે પરત્થકરણં કે પરાર્થવૃત્તિ.

સ્વાર્થવૃત્તિ ભયંકર છે, પરાર્થવૃત્તિ ભદ્રંકર છે.

હિંસાદિ પાપસ્થાનોની ઉત્પત્તિનું મૂળ સ્વાર્થની અધિકતા અને પરમાર્થની સંકુચિતતા છે. જ્યારે સ્વાર્થની વૃત્તિનો સંકોચ થાય છે અને પરમાર્થવૃત્તિનો વિકાસ થાય છે, ત્યારે જ અહિંસાદિ ધર્મોનો વિકાસ થાય છે.

'જય વીયરાય' સૂત્રમાં 'પરત્થકરણં'ની પ્રાર્થના છે.

ધર્મની સિદ્ધિ માટે જરૂરી પ્રણિધાનાદિ આશયોમાં પહેલાં પ્રણિધાનમાં જ પરાર્થવૃત્તિની આવશ્યકતા છે.

માર્ગાનુસારિતામાં પરોપકાર, પ્રકૃતિસૌમ્યતા અને મૈત્રી વગેરે ગુણોને મહત્ત્વનું સ્થાન છે.

પંચસૂત્રના પહેલાં સૂત્રના અંતમાં ભવ્યત્વ પકવવાનાં ત્રણ સાધનોમાં પણ 'સર્વ જીવો સુખી થાઓ, સુખી થાઓ, સુખી થાઓ' એવી ભાવના ભાવવાનું કહ્યું છે.

૪ ધર્મોમાં પણ દાનધર્મને પહેલો ધર્મ કહીને પરોપકારવૃત્તિની પ્રથમ આવશ્યકતા જણાવી છે.

પરપીડા એ દુષ્કૃત છે, તો પરોપકાર એ સુકૃત છે.
પરોપકારમાં કર્તવ્યબુદ્ધિ = દુષ્કૃતમાત્રનું સાચું પ્રાયશ્ચિત.
પરોપકાર જેને કર્તવ્ય લાગે, તેનામાં કૃતજ્ઞતા જન્મે.

બીજાનો પોતાના ઉપર થયેલો ઉપકાર જેને
સ્મરણપથમાં નહિ, તે પરોપકારગુણને સાધનારો જ નહિ.

કૃતજ્ઞતા ગુણ સુકૃતનું અનુમોદન કરાવે છે,
તેનાથી પરોપકાર વૃત્તિ દૃઢ થાય છે તથા
પરાર્થકરણનો અહંકાર પણ તેમાં વિલીન થઈ જાય છે.

પોતે જે કંઈ પરાર્થકરણ કરે છે,
તે પોતાના ઉપર બીજાઓના જે ઉપકાર થઈ રહ્યાં છે,
તેનો શતાંશ, સહસ્ત્રાંશ કે લક્ષાંશ ભાગ પણ હોતો નહિ.

o

To want unwaveringly the welfare of another, both in the head and heart, is the best help one can give. - Shri Aurobindo

**પરમેષ્ઠિ નમસ્કારમાં કૃતજ્ઞતાનો ભાવ રહેલો છે.**

દુર્ગતિમાં પડતાં જીવોને શ્રી પરમેષ્ઠિ ભગવંતો નમસ્કાર વડે પરમ આલંબનને આપે છે, તેઓના વિશુદ્ધ જીવન વડે પરમ આદર્શને આપે છે તથા ભવસાગર તરવા માટે જહાજ સમાન પરમ તીર્થનું સ્થાપન કરી લાખો-કરોડો અને અસંખ્ય જીવોને રત્નત્રયનું છૂટે હાથે દાન કરે છે. એવા પરમ દાતારને - તેઓને યોગ્ય એવું સન્માન કરવું, એ સર્વ કૃતજ્ઞ જીવોનું પરમ કર્તવ્ય છે. કૃતજ્ઞતા એ પાત્રતા કેળવવાનું અને યોગ્યતા વિકસાવવાનું પ્રથમ સોપાન છે. જેઓ ઉપકારીઓ પ્રત્યે નિરંતર કૃતજ્ઞતા દર્શાવે છે, તેઓ ભવાટવીમાં સુરક્ષિત રહે છે.

કૃતજ્ઞતા ગુણ તેઓને જ્યાં જાય,
ત્યાં ઉત્તમ આત્માઓનો સમાગમ કરાવી આપે છે,
તેઓના વાત્સલ્યના સાચા અધિકારી બનાવે છે.
સત્પુરુષોની સંગતિ કરનારને યોગ્ય શુભપુણ્યનું અર્જન
કૃતજ્ઞતાભાવ દ્વારા અવશ્ય થાય છે.

# કૃતજ્ઞતા અને સ્વતંત્રતા

'નમો' એ કૃતજ્ઞતાનો મંત્ર છે અને કૃતજ્ઞતાગુણ એ વ્યવહાર ધર્મનો પાયો છે.

શ્રી તીર્થંકર ભગવંતોના અનંત ઉપકારોને હૃદયમાં ધારણ કરી નિત્ય આભારની લાગણીવાળા રહેવું અને એ ઉપકારનો બદલો વાળવાની પોતાની અશક્તિને નિરંતર કબૂલ રાખવી, તે વ્યવહાર ધર્મનું મૂળ છે અને તે જ નિશ્ચય ધર્મ પામવાની સાચી યોગ્યતા છે.

'નમો' મંત્રની ઉપાસના કૃતજ્ઞતાગુણના પાલન દ્વારા સ્વતંત્રતા તરફ લઈ જનારી સિદ્ધ પ્રક્રિયા છે, તેથી ભવસાગર તરવા તથા મોક્ષનગરમાં પહોંચવા માટે સેતુ બનીને અંતમાંથી તે અનંતમાં લઈ જાય છે.

શ્રી નમસ્કાર મહામંત્રથી જીવદયાનો પરિણામ જાગે છે; પરને સહાય રૂપ બનવાની વૃત્તિ ઉત્પન્ન થાય છે, સંસાર પ્રત્યે ઉદાસીનતા, દેવગુરુની ઉપાસના, દયા, દાન, પરોપકાર, શીલ - સદાચારનું પાલન થાય છે.

## તાત્ત્વિક ભવનિર્વેદ અને મોક્ષાભિલાષ

ઉપકારી પ્રત્યે કૃતજ્ઞતા અને અપકારી પ્રત્યે ક્ષમાપના શીખવનાર મંત્ર તે 'નમામિ' અને 'ખમામિ' છે.

વ્યવહારધર્મનું બીજ કૃતજ્ઞતા અને ક્ષમાપના છે. કૃતજ્ઞતામાંથી ઉત્પન્ન થતાં ક્ષમાપનાનાં મૂળ ઊંડા હોય.

'જેટલો ઉપકાર હું લઉં છું, તેટલો ઉપકાર હું બીજાને કરી શકતો નથી' તેના ખેદમાંથી ઉત્પન્ન થતી ક્ષમાપના જીવની અત્યંત શુદ્ધિ કરી આપે છે. 'ઉપકારીઓના ઉપકારનો બદલો હું વાળી શકતો નથી. એ બદલો તો જ વળે કે હું જેટલાનો ઉપકાર લઉં છું, તેનાથી અધિક ઉપકાર બીજા ઉપર કરું' એ વિચારવું. ભવમાં જેટલો ઉપકાર લેવાનો છે, તેટલો આપવાનો નથી.

વળી તે ઉપકાર પણ અપકારમિશ્રિત હોય છે. શુદ્ધ ઉપકાર સિદ્ધપદમાં છે, કે જ્યાં ઉપકાર લેવાનો નથી, અપકાર કરવાનો નથી અને અનંતકાળ સુધી અનંતા જીવોને સતત ઉપકાર કરવાનો જ રહે છે.

## કૃતજ્ઞતા ગુણનો વિસ્તાર

જેનાથી સર્વ કાંઈ શુભ મળ્યું છે, મળે છે અને મળવાનું છે, તેને યાદ કરવા અને તેના પ્રત્યે નમ્રભાવ ધારણ કરવો, તેનું બીજું નામ કૃતજ્ઞતા ગુણ છે.

ચૌદ પૂર્વનો સાર અને શ્રુતજ્ઞાનનું રહસ્ય નવકાર છે. તેનું એક કારણ નમસ્કારથી કૃતજ્ઞતા ગુણ કેળવાય છે.

કૃતજ્ઞતા ગુણ એ બધા જ સદ્ગુણોનું મૂળ છે.

કૃતજ્ઞતા ગુણને ઉત્પન્ન કરનાર પરોપકાર ગુણ છે.

પરોપકાર ગુણ સૂર્યના સ્થાને છે,
તો કૃતજ્ઞતા ગુણ ચંદ્રના સ્થાને છે.

જેનાથી ઉપકાર થાય તેનો કૃતજ્ઞ રહેવું, ધર્મનો પાયો છે.

કૃતજ્ઞતાભાવ વિનાની આરાધના = અંક વિનાના શૂન્ય.

સમ્યક્ત્વ ગુણ પણ કૃતજ્ઞતા ભાવનો સૂચક છે, કેમકે તેમાં દેવતત્ત્વ, ગુરુતત્ત્વ અને ધર્મતત્ત્વ પ્રત્યે ભક્તિ છે, નમસ્કાર છે, અનુરાગગર્ભિત બહુમાન છે અને એ ત્રણ તત્ત્વો પરમ ઉપકારક છે, એવો હાર્દિક સ્વીકાર છે.

## સાચી માનવતા

જેનાથી આપણને ઉપકાર થાય, તેને નમવું તે માનવતા.
મહાત્માને મળીને નમવું તે શ્રેષ્ઠ ફળ છે.
તેથી ઉપકારીઓને નમસ્કાર એ પરમ કર્તવ્ય છે.
ભૌતિક પદાર્થો દ્વારા થતો ઉપકાર ઔપાધિક-ક્ષણિક ઇહલૌકિક છે, જ્યારે ઉભય લૌકિક ઉપકાર અભૌતિક - ચિન્મય પદાર્થોથી થાય છે.

## કૃતજ્ઞતા અને મૈત્રી

વ્યવહાર ધર્મનો પાયો કૃતજ્ઞતા છે.
આચરણનું મૂળ વિનય છે, જેનું પ્રેરક તત્ત્વ કૃતજ્ઞતા છે.
તીર્થંકર દેવોના ઋણ તળે સમગ્ર વિશ્વ આવેલું છે,
તેમાં મુખ્ય કારણ તેઓના આત્મદ્રવ્યનું વૈશિષ્ટ્ય છે.
ભૌતિક વિશ્વ ઉપર આર્હંત્યનો પ્રભાવ છે.
આર્હંત્યની ભક્તિથી જ ભૌતિક સમૃદ્ધિનું અસ્તિત્વ છે.
વ્યવહાર ધર્મનું મૂળ કૃતજ્ઞતાભાવ છે તથા
નિશ્ચય ધર્મનું મૂળ મૈત્રીભાવ છે.

કૃતજ્ઞતા ચોપાસે તીર્થંકર પરમાત્માના ઉપકારની કબુલાત કરાવે છે અને મૈત્રીભાવ સર્વ જીવોના આત્મદ્રવ્યની કિંમત એકસરખી જ છે, તેનો એકરાર કરાવે છે.

'સર્વ જીવનું જીવત્વ આત્મતુલ્ય છે' એમ જાણ્યાં છતાં 'તીર્થંકર દેવાધિદેવનું આત્મદ્રવ્ય સર્વાધિક છે' એમ જો ન જાણવામાં આવે, તો એ મુક્તિના દ્વાર ખુલ્લાં થતાં નથી.

'अद्वैतं सर्व सत्त्वेषु गुरुषु न कदाचन ।'

સર્વ સાથેની સમાનતા ભાવ ઉપકારક છે, ગુરુ સાથેની સમાનભાવ અપકારક છે, તો પછી પરમગુરુ, આદ્યગુરુ, વિશ્વગુરુ તીર્થંકર દેવાધિદેવ પરમાત્મા સાથે અદ્વૈત-ભાવ કેટલો ઘાતક બને ? તેમના ઉપકારનો અપલાપ કરનારી અને કૃતઘ્નતારૂપી મહાપાપને પુષ્ટ કરનારી થાય?

આ વ્યવહારનો સિદ્ધાંત છે.

વ્યવહારમાં અવિનિષ્ણાત નિશ્ચય ધર્મનો અધિકારી નથી? તીર્થંકરદેવનો ઉપકાર ગ્રહણ કરવા માટેની પાત્રતા એ સિદ્ધ ભગવંતોની grace વડે જ પ્રાપ્ત થાય છે.

ભક્તિ એ કૃતજ્ઞતા અને પરોપકાર સ્વરૂપ છે.

કૃતજ્ઞતાથી પ્રભુ પ્રત્યે અને પરોપકારથી વિશ્વ પ્રત્યે પ્રેમ જાગે છે. વિશ્વપ્રેમ પ્રભુપ્રેમનું પ્રતીક છે અને પ્રભુપ્રેમ એ વિશ્વપ્રેમનું પ્રતીક છે.

પોતે કરેલા ઉપકારને અને બીજાએ કરેલા પોતા ઉપરના અપકારને વિસ્મરણ શક્તિ વડે દૂર કરવા તથા બીજાએ કરેલા ઉપકાર અને પોતે કરેલા અપકારને સ્મરણ કરવાની શક્તિ વડે ન ભૂલવો, એ લાભદાયી છે.

કેવળ પોતાનો જ વિચાર કરનાર સ્વાર્થી - કૃતઘ્ની છે, સર્વનો વિચાર કરનાર પરમાર્થી અને કૃતજ્ઞી છે.

પોતાના ઉપર થયેલ ઉપકારને જાણવાથી બીજા ઉપર ઉપકાર કરવાની બુદ્ધિ થાય છે અને બીજા ઉપર ઉપકાર કરવાથી પોતાની ઉપર થતાં બીજાના ઉપકારને ઓળખી શકાય છે. એકના આભારમાં બીજાનો આભાર - એકના સદ્‌ભાવમાં બીજાનો સદ્‌ભાવ છે.

## પોતાના ઉપકારીઓને યાદ કરો અને
## અપકારીઓને ભૂલી જાઓ.

પરોપકારની ભાવના પ્રગટાવનાર કૃતજ્ઞતાનો ગુણ છે,
જેને વિકસાવનાર પરોપકારની ભાવના છે.

અપકાર કરવો છોડી દો - અપકારીઓ પ્રત્યે ઉદાર બનો.

ઉપકારની ઇચ્છા છોડી દો, ઉપકાર કરવો શરૂ કરો.

સુખી થવાનો માર્ગ

અપકારીઓને ભૂલવામાં - ઉપકારીઓને ન ભૂલવામાં છે.

દુઃખી થવાનો માર્ગ

ઉપકારીઓને ભૂલવામાં - અપકારીઓને ન ભૂલવામાં છે.

સ્વોપકાર પરપીડાપહારક છે, જ્યારે
પરોપકાર પીડાપહારની સાથે પરસુખોત્પાદક પણ છે.

પરપીડા નિવારણ માટે મન, વચન, કાયા પવિત્ર જોઈએ.

પવિત્રતા વડે જે ઉપકાર થાય, તે સત્ય - શાશ્વત છે.

અપવિત્ર ધન - અન્ન - કાયા - વચન - મન દ્વારા
પરોપકાર અથવા પરપીડાનો અપહાર પણ થતો નથી.

આજે જે વિશ્વની અવસ્થા 'પરાર્થકારિતા'ના પાયા
ઉપર ચાલતી છે. જ્યાં સુધી જગતના અન્ય જીવોના
સુખ-દુઃખ સાથે પોતાને કાંઈ લેવા-દેવા નહિ,
માત્ર પોતાના જ સુખ-દુઃખની ચિંતા કે લાગણી છે,
ત્યાં સુધી જે કાંઈ ધર્મ થાય છે, તે લૌકિક જ હોય છે.

ધર્મને <u>લોકોત્તર બનાવવાની master key</u>
<u>વિશ્વમાત્રના દુઃખ પ્રત્યે દાઝ ઉગવી, તે છે.</u>

તે દાઝ ત્યારે જ ઉગે કે જ્યારે
વિશ્વમાત્રના હિત કે સુખની ચિંતા હૃદયમાં ઉગે
અને તે ત્યારે જ ઉગે કે જ્યારે આત્મૌપમ્યભાવ જાગે.

આત્મૌપમ્યભાવ જ ધર્મને શુદ્ધ બનાવનાર છે.

મહાપુરુષોમાં તે ભાવ સહજ હોય છે.

તેના પરિણામે જ વિશ્વમાં જીવમાત્રને સહાયક સામગ્રી
પ્રાપ્ત થયાં કરે છે. તેના પ્રત્યે પોતાનું ઋણ ધારણ કરવું,
તે કૃતજ્ઞતા છે અને તે જ પરાર્થભાવને જાગ્રત કરે છે
અથવા પરાર્થભાવ વડે કૃતજ્ઞતાભાવ જાગ્રત થાય છે.

પોતાની ચિંતા હોય, ત્યાં સુધી લૌકિક ધર્મ છે.
સર્વ માટેની ચિંતા ઉગે અથવા તે જેઓના હૃદયમાં છે,
તેઓની આજ્ઞાપાલનનો ભાવ જાગે, ત્યારે લોકોત્તર ધર્મ
પ્રારંભાય, તેથી સમ્યગ્દર્શની જ તેનો સાચો અધિકારી છે.

તેને કેવળ પોતાના મોક્ષની જ ચિંતા નથી,
પરન્તુ સર્વ જીવની ચિંતા છે,
તેથી તેને ધર્મતીર્થ પ્રવર્તકને જ દેવાધિદેવ માને, તેમના
સિવાય બીજા કોઈની પણ પૂજા તેમને મુક્તિ ના આપે.
તીર્થંકર દેવની પૂજામાં જ તે ધર્મ માને છે.
પરાર્થકારિતામાં જ તે ધર્મ માને છે, સ્વાર્થકારિતામાં નહિ.
એનો ઉપયોગ સર્વમાં થાય, તો જ બંધનથી મુક્તિ મળે.
દેવ, ગુરુ ને ધર્મ -
તે અહીં બતાવેલા રસ્તે જનારને જ તે 'સંઘ' માને છે.
એવો સંઘ પણ તેને મન તીર્થ છે અથવા તીર્થંકરોને
પણ પૂજ્ય છે. સંઘનું પૂજ્યત્વ પરાર્થકારિતામાં છે અને
દેવ - ગુરુ - ધર્મનું પૂજ્યત્વ પણ પરાર્થકારિતામાં જ છે.

પરાર્થકારિતાના પુનઃ પુનઃ અભ્યાસથી જ
ચંદનની સુગંધ સમાન સહજ ધર્મ પ્રગટે છે.

સર્વના કલ્યાણની ભાવના દ્વારા જ પરમાત્માનું ઓળખાણ અને તેમાંથી આત્મસ્વરૂપનો અનુભવ થઈ શકે છે.

તે ભાવના તીવ્રતમ બને, ત્યારે જ
'સવિ જીવ કરું શાસનરસી'ની ભાવના થાય છે અને તે થાતે જ તીર્થંકર નામકર્મ નિકાચિત થાય છે.

જીવોનું સ્વરૂપ પરમાત્માના સ્વરૂપમાં અને પરમાત્માનું સ્વરૂપ જીવોના સ્વરૂપમાં પરસ્પર ઉપકારક છે. એ રીતે મંત્ર અને ભાવના પરસ્પર મળી જીવોને ઉપકારક થાય.

પરાર્થકારિતાથી અનંત જીવનમાં જઈ શકાય.
જે માર્ગ અનંત જીવનમાં પહોંચાડે છે, તે સાંકડો છે
અને વિરલને જ મળે છે.

જે માર્ગ નાશમાં લઈ જાય છે, તે પહોળો છે અને તેનું પ્રવેશદ્વાર વિશાળ છે. પ્રલોભનોને વશ થવું, એ પહોળો માર્ગ, તેના ઉપર વિજય મેળવવો, એ સાંકડો માર્ગ.

કૃતજ્ઞતાને જીવતી રાખો, પરોપકારને મૌન રાખો.

સંબંધોના જગતમાં પરોપકાર (જીવો સાથે સહાનુભૂતિ),
સ્વરૂપજગતમાં કૃતજ્ઞતા (જિનેશ્વર સાથે સહાનુસ્વીકાર).
ઉપકારીઓના અવર્ણવાદ સ્વપ્ને પણ ચિન્તવવા નહિ.

'પરોપકારથી અનુબંધ પડે છે'

ઋષિ લખાણી શાસ્ત્રોમાં ઠેકાણે ઠેકાણે નજરે પડે છે,
મોક્ષ સાધન તરીકે પરોપકારની મુખ્યતા જણાય છે.
નિઃસ્વાર્થ પરોપકાર કરવો, તે પણ એક પ્રકારે તો
નિષ્કામ ઉપાસના જ છે, માટે તેમાં નિરત જ રહેવું.

બાહ્ય જીવોની પીડા એ આસ્રવ છે.
એ પીડાનો પરિહાર બાહ્ય જીવો પ્રત્યેનો ઉપકાર છે,
તેથી પરોપકાર એ સંવર છે.

પરઉપકારની સાધના સમગ્ર વિશ્વમાં જ્યાં જ્યાં
આજે થઈ રહી છે, તેના મૂળમાં તીર્થંકરત્વ છે.
આંતરઅપેક્ષાએ ઉપયોગ એ જીવનું લક્ષણ અને
બાહ્યઅપેક્ષાએ પરોપકાર એ જીવનું લક્ષણ છે.

ઉપકારનો સ્વીકાર તે નમસ્કાર છે.

ગુણગ્રહણનો પરિણામ તે નમસ્કારનો પદાર્થ છે.

સર્વ જીવોનો ઉપકાર ગ્રહણ કરીને જીવ ઊંચો આવે છે,
કિન્તુ અજ્ઞાનતાથી તે કોઈનો પણ ઉપકાર જાણતો નથી,
તેથી તેને નમસ્કાર ગુણની પ્રાપ્તિ થતી નથી.
જ્યારે તે માનવજન્મમાં ભાનદશા પામે છે, ત્યારે અહંકાર
ગળી જાય છે અને તે ઉપકાર સ્વીકારક - નમ્ર બને છે.

ઉપકાર કરનાર તત્ત્વ બે પ્રકારનું છે:

એક જાણીજોઈને ઉપકાર કરનાર,

બીજું ન જાણવા છતાં ઉપકારમાં નિમિત્ત બનનાર.

બન્નેનો ઉપકાર હોવા છતાં સરખો નથી.

નિશ્ચયથી સર્વ ઉપકારક હોવા છતાં એ ઉપકારકપણાંનો
વ્યવહાર તો જેઓ જાણ - સમજીને ઉપકાર કરે, તેઓ
પ્રત્યે જ કરવાનો હોય, અને જો વ્યવહાર ન કરવામાં
આવે, તો ઉપકારીના ઉપકારનો વિલોપ થઈને ઉપાર્જન
થતાં મહાપાપથી અનંત કાળે પણ છૂટકારો થતો નથી.

જેના પાયામાં સીસાનો રસ હોય તે ઈમારત લાંબા કાળ સુધી ટકે, તેમ જેનાં પરિણામ પોતા પ્રત્યેની મમતા વડે પકડાયેલાં હોય, તે આત્મા આ સંસારમાં લાંબા કાળ સુધી રખડે છે. 'ધર્મ કરનાર ઉપર ઈશ્વર રાજી રહે છે' એવું નીતિવચન છે. પરોપકાર યા પરહિતપરાયણતા રૂપ ધર્મના આચરણ દ્વારા જીવ પ્રભુની કૃપાને અધિક પાત્ર બનતો હોય છે, તે શરણાગતિરહસ્યના સમર્થન રૂપે સમજાય છે.

મનુષ્યે મનુષ્યનું નહિ પણ સર્વ ભૂત અર્થાત્ પ્રાણીમાત્રનું હિત હૈયે ધરવું જોઈએ. સર્વ જીવો કુટુંબી છે, ભાઈ-બહેનો છે, એમ માનીને જીવન ગુજારવું જોઈએ.

भवन्ति नम्रास्तरवः फलोद्गमैः
नवाम्बुभि र्भूरिविलंबिनो घनाः ।
अनुद्धताः सत्पुरुषाः समृद्धिभिः
स्वभाव एवैष परोपकारिणाम् ॥ सूक्तिः

નમ્ર રહે વૃક્ષ નવાં ફળોથી, નીચા નમે મેઘ નવાં જળોથી,
સમૃદ્ધિથી સંત ગર્વ ન ધારે, સ્વભાવ એ જ પરોપકારીનો.

પરહિતપરાયણતા કે પરોપકાર એ મોટો ગુણ

આત્માનું સિદ્ધપણું પરમાત્માના આલંબને છે,

એ જ પ્રભુજીનો પરમ ઉપકાર છે.

પ્રભુના એ ગુણ - ઉપકારનું બહુમાનપૂર્વક ધ્યાન કરીએ.

સાધકને એટી જ પરમ આધાર છે.

સર્વ જીવો પ્રત્યે કરેલા અપરાધોના પ્રાયશ્ચિત રૂપે તેમની ક્ષમા માંગીને સર્વ જીવને હિતકારી શ્રી અરિહંતાદિ પરમેષ્ઠિઓને નમસ્કાર કરવાનો છે, જેથી તેમના પ્રભાવે ફરીથી અપરાધના પરિણામ કે અયોગ્ય પ્રવૃત્તિ ન થાય. જગતમાં શ્રી પરમેષ્ઠિઓની બોધ જ સર્વનું હિત કરવાના પરિણામ થાય અને પ્રવૃત્તિ પણ પરહિતપરાયણ જ રહે. પરમેષ્ઠિ ભગવંતોના અચિન્ત્ય પ્રભાવે તેમની બોધ જ સર્વ જીવોનું હિતચિન્તન અને હિતપ્રવર્તન થાય તથા અહિતચિન્તન અને અહિતપ્રવર્તન સર્વથા નિવર્તન પામે. તેમના પ્રભાવે કર્મબન્ધ અટકે, સંવર - નિર્જરા થાય, ભવભ્રમણ મટે અને શુદ્ધ આત્મરમણતા ને પ્રાપ્ત થાય.

વિનય, કૃતજ્ઞતાદિ ગુણો નમસ્કારભાવના જ પુત્રો છે.

નમસ્કાર મહામંત્રના મંત્રાધિરાજત્વને
ઘડીક બાજુ ઉપર મૂકી દઈએ તો પણ,
તેમાં જે ધર્માત્મક (ક્રિયાત્મક) ભાગ છે,
તે નમસ્કારભાવ કેળવાય છે. એની સમ્યક્ સમજણ અને
એની માટેનું સમજણપૂર્વકનું આચરણ
કેટલી બધી સિદ્ધિઓ આપનારું છે, એ સહજ સમજાય છે.

## ઉપકારીઓના ઉપકારનો પ્રત્યુપકાર કેવી રીતે થાય?

ઉપકારીઓના ઋણમાંથી મુક્ત થવા માટે
નિઃસ્વાર્થ ભાવે ઉપકારીઓએ જેમ ઉપકાર કર્યા,
તેમ તેવા જ નિઃસ્વાર્થ ભાવે જીવોની ઉપર પોતાની
શક્તિને ગોપવ્યા વિના ઉપકાર કરવો જોઈએ.
તેમ કરવા છતાં જે જીવો ન માને અને અજ્ઞાન - મોહના
આવરણથી અપકાર કરે, પીડા આપે, ઉપસર્ગ કરે, મોક્ષ-
માર્ગની સાધનામાં વિઘ્ન નાંખે, તો પણ તેમના પ્રત્યે ક્રોધ
કે વૈરની લાગણી ન રાખે તો જ કર્મબંધથી સર્વથા છૂટાય.

## આત્માનું સ્વરૂપ - ઉપચારિત્વ

માનનો નાશ થતાં અનુપચારિત્વ નાશ પામે છે, એટલે કે
ઉપચારિત્વ પ્રગટે છે, કારણકે તે આત્માનું સ્વરૂપ છે.
અરિહંતના ૧૨ કે અનંત ચતુષ્ટયાદિ ૪ ગુણો મુખ્ય છે.
બાકી તો અનંત ગુણો છે.
તે તેઓના આત્માના સ્વભાવરૂપ હોવાથી ઉપકાર કરે જ.
ગુણનું કાર્ય ઉપકારકરણ છે, તે ન હોય તો તે ગુણ નહિ.
જેમ દાન અનંતુ છે, તેમ બધા છે,
માટે તે દાન સ્વરૂપ (ગુણ) છે, તેમ ઉપચારિત્વ ગુણ
સક્રિય હોય તો જ સ્વરૂપ અર્થાત્ વાસ્તવિક ગણાય.
છદ્મસ્થપણે જેમ ઔદયિક અને
ક્ષાયોપશમિક ભાવથી ઉપકાર કરે છે,
તેમ વીતરાગતા પછી તો ક્ષાયિક ભાવે
ઉપચારિત્વ પ્રગટવાથી તે ગુણના બળે ઉપકાર કેમ ન કરે?
ઉપચારિત્વ માનાભાવરૂપ છે,
તો માનના અભાવે તેનો સદ્ભાવ કેમ ન માનવો?

## કૃતજ્ઞતા અને પરોપકાર

ઢાલ એક અને બાજુ બે - કૃતજ્ઞતા અને પરોપકાર.
નમસ્કારાદિ ભાવો પ્રગટાવવા માટે અભેદનો અને
કૃતજ્ઞતાદિ ભાવો પ્રગટાવવા ભેદનો બોધ આવશ્યક છે.
બેમાંથી એક પણ ન હોય તો સાધનાનો માર્ગ રૂંધાય છે.
તત્ત્વથી સાધના બની શકતી નથી.

'શ્રી તત્ત્વાર્થ સૂત્ર'માં કહે છે: પરસ્પરોપગ્રહો જીવાનાં ।
અહીં જીવનો સ્વભાવ પરાર્થ જ કહ્યો છે.
પરાર્થ એ સ્વભાવ છે, સ્વાર્થ એ વિભાવ છે.
જેટલો પરાર્થભાવ, તેટલો સ્વભાવનો ઉઘાડ થતો ગણાય.

જ્ઞાન - દયા - ભક્તિ - પરોપકાર

તત્ત્વજ્ઞાનની 'અહં બ્રહ્માસ્મિ ।'ની ગર્જના છે.
ભક્તિની ગર્જના દયા અને પરોપકારની ભાવના છે.

તત્ત્વજ્ઞાન તો કહે છે કે:
આ જગતમાં દયા કે પરોપકારને પાત્ર કોઈ છે જ નહિ.
કોઈને દીન ઠરાવીને દયા કે મદદ કરવી એ દયા જ નથી.

# કૃતજ્ઞતાથી ભક્તિની પાત્રતા

માર્ગ બતાવ્યો એ ઉપકાર અને માર્ગરૂપ એ મહા ઉપકાર.

'માર્ગરૂપ' એટલે રત્નત્રય સ્વરૂપ.

પંચ પરમેષ્ઠિના ધ્યાનથી રત્નત્રય પ્રગટ થાય.

કૃતજ્ઞતા ટકાવવા અને ભક્તિ પ્રગટાવવા માટે
ઉભય પ્રકારે પ્રભુ માન્ય છે.

ભક્તિ મહા મુક્તિ માટે છે.

કૃતજ્ઞતા ભક્તિને પાત્ર બનવા માટે છે.

ભવમૈત્રી કેળવવા માટે એ મૈત્રી જેમનામાં છે, તેમની ભક્તિ અત્યંત જરૂરી છે. એ ભક્તિ જ મુક્તિનું એટલે રાગ-દ્વેષ-મોહરૂપી દોષોથી રહિત થવાનું પરમ સાધન છે.

પ્રભુના નામ - રૂપ - દ્રવ્ય - ભાવમાં કરુણા ભરેલી છે.
તેનો સાક્ષાત્કાર કરવો, એ આત્માર્થીનું કર્તવ્ય છે,
અન્યથા કૃતઘ્નતા અને અભક્તિ પોષાય છે.

દુઃખીના દુઃખ નાશ કરવાની શક્તિ જેમાં હોય,
તે તત્ત્વ કૃતજ્ઞ તથા કરુણામય કહેવાય.

## કૃતજ્ઞ કેવા હોય?

કૃતજ્ઞ કરેલાંને જાણે છે.

કૃતજ્ઞ ગુણ કરનાર પુદ્ગલને, ગુણને, ક્રિયાને, નામને, રૂપને, જાતિને અને ગુણ કરનાર સંબંધને ગુણ કરનાર તરીકે જાણે તથા દોષ કરનાર સંબંધને દોષરૂપ જાણે.

## કૃતજ્ઞતા અને કૃતઘ્નતામાં શો ભેદ?

કરેલા ઉપકાર - અપકાર ઉભયને જાણે, તે કૃતજ્ઞ છે. 'ઉપકાર અન્યથી થાય છે તથા અપકાર એ અન્યને ઉપકાર કરનાર હોવા છતાં ઉપકારી તરીકે ન માનવારૂપ કૃતઘ્નતા દોષથી થાય છે' એમ જે જાણે, તે કૃતજ્ઞ છે અને જે ન જાણે, તે કૃતઘ્ન છે.

તેથી જ કૃતજ્ઞતા એ ગુણ - કૃતઘ્નતા એ દોષ છે.

સ્વાર્થૈષણા છોડી અને એકમાત્ર પરાર્થૈષણા જ રાખો.

બીજાનું ભલું કરવામાં તમારું ભલું થવાનું જ છે.

સ્વાર્થ બુદ્ધિઃ પરાર્થેષુ પર્યાપ્તં ઇતિ સદ્વૃત્તમ્ । અર્થાત્ઃ પરોપકારમાં સ્વાર્થબુદ્ધિ વ્યાપેલી હોય, તે સદાચરણ છે.

## કૃતજ્ઞતાનું જીવન પરોપકાર અને
## પરોપકારનું જીવન જગતનો સ્વભાવ.

વિશ્વનું ઘડતર - પોષણ પરોપકારથી જ થઈ રહ્યું છે. કોઈપણ એવું અસ્તિત્વ નથી કે જેમાં એક જીવને બીજા જીવ તરફથી ઉપગ્રહ - ઉપકાર ન થતો હોય!

'परकार्येषु पर्याप्तं वरं भस्म वरं तृणम् ।
परोपकृतिमाधातुमक्षमो न पुनः पुमान् ॥' અર્થાત્:
જીવનનું કાર્ય કરવા પ્રમાણસર રાખ અને ઘાસ પણ સક્ષમ છે, તો પરોપકાર કરવા પુરુષ તો અસમર્થ ન જ હોય ને?

'अयं निजः परो वेति गणना लघुचेतसाम् ।
उदारचरितानां तु वसुधैव कुटुम्बकम् ॥' અર્થાત્:
'આ પોતાનો, આ પારકો' એવી ગણતરી તુચ્છ મનવાળાની હોય છે. ઉદાર મનવાળાને આખી પૃથ્વી જ કુટુંબ છે.

આપણે પણ આ ચાર જેવા થઈએ...
તરુવર, સરવર, સંતજન, ચોથા બરસત મેહ,
પરમારથ કે કારણે, ચારોં ધરિયા દેહ... (૯)

કૃતજ્ઞતા ગુણ એ જ સમ્યક્ત્વ છે.

સમ્યક્ત્વ ગુણ એ કૃતજ્ઞતા ગુણનો સૂચક છે,
કેમકે તેમાં દેવતત્ત્વ, ગુરુતત્ત્વ, ધર્મતત્ત્વનો નમસ્કાર છે;
અહોભાવગર્ભિત બહુમાન છે તથા
'એ ત્રણે તત્ત્વ ઉપકારક છે' એવો નિર્દેશ પણ છે.

કૃતજ્ઞતા વિના સઘળી આરાધના નિષ્ફળ છે.

કૃતજ્ઞતા ગુણ એ સર્વ સદ્ગુણોનું મૂળ છે.

આત્માની પ્રગતિ માટે સકામપણે યા
અકામપણે દાન કે પરોપકારની પ્રવૃત્તિ આવશ્યક છે.

પરસ્પરોપગ્રહ જીવમાત્રનો સ્વભાવ છે.

અસંજ્ઞી અવસ્થામાં કર્તવ્યાકર્તવ્યનું ભાન નથી, ત્યારે
અનિચ્છાએ ય પ્રગતિ માટે પરોપકાર કરવો પડે છે.
પ્રકૃતિના નિયમો બળાત્કારે પણ પરોપકારના કાર્યમાં
શક્તિનો ઉપયોગ કરાવીને પ્રગતિ કરાવે છે.

કીડી - કીડાઓ ભૂમિને રસાળ બનાવે છે.

જળચર જીવો જળને નિર્મળ બનાવે છે.

વૃક્ષો, નદીઓ, સૂર્ય, ચંદ્ર, તારા,
નક્ષત્ર, ગ્રહ, મેઘ, વિદ્યુત, પૃથ્વી તથા પાણી, અગ્નિ,
વાયુ અને આકાશ પણ પરોપકારનું કાર્ય કરી રહ્યાં છે.
કૂતરા અને કૂકડાઓ રાતભર ચોકી કરીને
બ્રાહ્મમુહૂર્તમાં બ્રહ્મવિદ્યામાં સાવધ થવા સાવધાન કરે છે.
બકરાં - ઘેટાં ઊનનાં વસ્ત્રો આપી શીતત્રાણ કરે છે તથા
તાપથી બચવા ચામડાં આપે છે.
ગાય - ભેંસ પોતાના મળ - મૂત્રથી ઝેરી કીટાણુઓના
વિષને દૂર કરે છે તથા મનુષ્યનાં પોષણ માટે દૂધ,
દહીં, ઘી આપી બળ અને આરોગ્યની વૃદ્ધિ કરે છે.
હાથી - ઘોડા - બળદ પ્રવાસમાં વાહનનું કાર્ય કરે છે.
આ રીતે જોતાં આખું સંસારચક્ર
પરોપકારના પાયા ઉપર જ પ્રવર્તી રહેલું જણાય છે.
પરોપકાર માટે જ આ માનવશરીર મળેલું છે.
પરોપકાર વિનાનું જીવન જીવનારો મહાપાપી છે.
પરોપકારના રંગથી રંગાવામાં માનવજીવનની સફળતા છે.

અન્ય પ્રાણીઓ અનિચ્છાએ પરોપકાર કરે છે,

માનવ સ્વેચ્છાએ કરે છે એટલે જ તે ઉચ્ચ ગણાય છે.

પરોપકાર એજ પરમાર્થ છે.

કોઈપણ સ્થિતિ કે સંજોગોમાં પરોપકાર કરવો,

એજ પ્રધાન કર્તવ્ય છે.

દરેક જીવ પારકાના ઉપકારમાં ફાળો આપવા બંધાયેલો છે.
જો ન આપે, તો તે વિશ્વવિધાનનો અપરાધ કરે છે;
એ વિધાન બનાવનારનો દ્રોહ કરે છે અને
એના કટુ વિપાક તેને ભોગવવાં પડે છે. તેનાથી બચવા
તેણે પરોપકારના પ્રબળ નિયમને આધીન રહેવું જોઈએ.
પરોપકારની રીત પશુ કરતાં માનવની, માનવ કરતાં
મુનિઓની તથા ગૃહસ્થ કરતાં યોગીઓની જુદી હોય છે.

તેના ફળનો પણ ભોગ ન થવો જોઈએ,
અન્યથા પોતે ઉપકરણ બનવાને બદલે અધિકરણ બને છે.
નાના બાળકને ધાવણના સ્થાને અન્ન આપીએ અને
મોટાંને અન્નના સ્થાને દૂધ આપીએ, તો ઉપકાર ન થાય.

ધનવાન ધનથી, જળવાન જળથી અને

મેધાવી મનથી પરોપકાર કરી શકે છે.

બધાંની પાસે એક જ પ્રકારનાં સાધન હોવા અસંભવિત છે.
પંચમ ગુણસ્થાનક સુધી પરોપકારમાં પરવસ્તુની પ્રધાનતા છે.
છઠ્ઠા ગુણસ્થાનકથી અધ્યવસાય અને ભાવની પ્રધાનતા છે.

પંચમ સ્થાને રહેલ સાધુઓ પોતાના સંકલ્પથી જ
પ્રજાને સન્માર્ગે ચઢાવવા સહાયભૂત બનાવી શકે છે.

સાધુ પુરુષોનો દેહ પરોપકારનો પીંડ અને
અહિંસાનો અવતાર મનાય છે.

પરોપકારની પ્રક્રિયામાંથી અલગ રહે, તે માનવ પણ
નહિ, મુનિ પણ નહિ અને વળી મહેશ્વર પણ નહિ.
સિદ્ધાવસ્થામાં સિદ્ધાત્મા સ્વભાવસિદ્ધ સર્વોપકારક છે.

સિદ્ધાવસ્થાનો પરોપકાર

સૂર્ય અને ચંદ્રના ઉપકારની જેમ સહજ છે.

શૂન્યતામાં પ્રકૃતિ છે. નમ્રતામાં શૂન્યતા છે. કૃતજ્ઞતામાં
નમ્રતા છે. પરોપકારમાં કૃતજ્ઞતા છે. ધર્મમાં પરોપકાર છે.

## સત્ય, પરોપકાર, ધર્મ અવિનાભૂત છે.

જિનેશ્વરદેવોની ભાવના પ્રત્યે સમર્પણનો ભાવ એ સાચે તો પરોપકારભાવની જ અનિવાર્યતા સમજાવે છે.

દુર્ગતિમાં પડતાં જીવને ધારણ કરનાર પરોપકાર છે.

પરોપકારની પૂજા તે તીર્થંકરની પૂજા છે.

દેવ, ગુરુ અને ધર્મ - ત્રણે તત્ત્વનો આધાર પરોપકાર છે.

ઉપાદાનમાં વિશુદ્ધિનું આધાન નિમિત્તથી થાય છે, તેથી નિમિત્ત પ્રત્યેનો આદર કૃતજ્ઞતા ભાવ કેળવે છે.

'પરોપકાર પુણ્ય માટે થાય છે' એનો અર્થ એ કે પરોપકાર ગુણનો સ્વીકાર એ અહંકારનો નાશક છે.

કૃતજ્ઞતા એજ પરોપકારની સાચી કદર છે. પરોપકારને પુણ્યરૂપ માનવામાં કારણ પરને ઉપકાર કરવો, તે નહિ પણ પરનો ઉપકાર સ્વીકારવો તે છે. 'પાપાય પરપીડનમ્ ।' સૌથી અધિક પીડા પરને ત્યારે થાય, જ્યારે તેનો ઉપકાર સ્વીકારાય નહિ. કુપુત્ર પિતાને શલ્યરૂપ બને છે, તેથી પાપમાં પણ પરોપકારનો અસ્વીકાર કારણ છે.

ધર્મપ્રચાર = સામાજિક સેવા, પરોપકાર = નિષ્કામ સેવા.

પરોપકારાર્થે ચંદ્ર ચાંદનીથી પોતાનું કલંક અથવા લાંછન
કે ડાઘ દૂર ન કરતાં વિશ્વને ધવલ - ઉજ્જ્વલ કરે છે,
અન્ય જીવોનું ટાઢ તથા તાપથી રક્ષણ કરવાને માટે કપાસ
પીલાય છે, પીંજાય છે, કંતાય છે અને તાડિત પણ થાય છે,
વિશ્વમાં રહેલાં દરેક વૃક્ષો તાપ સહીને છાંયા આપે છે,
સૂર્ય ૨૪ કલાક પર્યટનનો શ્રમ લઈને પ્રકાશ આપે છે.

સમુદ્ર એ નાવ કે જહાજના ફેરીભને સહે છે.

કાચબો પૃથ્વીના ભારને, વરસાદ વરસવાના ક્લેશને સહે છે.

પૃથ્વી સર્વ જીવોના આશ્રયને આપે છે.

નદીઓ શું પોતાનું પાણી પીએ છે? વૃક્ષો શું ફળ ખાય છે?

વરસાદ શું ધાન્યનું ભક્ષણ કરે છે?

આ સર્વનો પરિશ્રમ પરોપકાર માટે જ છે.

આંબો કેરી પકવતાં ક્યારે અને કઈ નિશાળે શીખ્યો?

સમર્પણ એટલે પોતાના અસ્તિત્વ તેમ જ
બુદ્ધિનો અહંકાર છોડી દઈ ગુરુની આજ્ઞા પ્રમાણે વર્તવું.

દાનવૃત્તિનું મૂળ ત્યાગવૃત્તિ છે અને ત્યાગવૃત્તિમાં મૂળ
કૃતજ્ઞતાભાવ છે અને તેનું મૂળ પરોપકાર સ્વભાવ છે.
પરોપકારના પાયા ઉપર જ અખિલ બ્રહ્માંડની રચના છે.
સિદ્ધાત્મા નિગોદના જીવને અહર્નિશ ઉપકાર કરનારા થાય છે
અને અરિહંત પરમાત્મા સકલ જીવોને ઉદ્ધારનારા થાય છે.
આચાર્યાદિ પણ પોતાના આચાર, જ્ઞાન અને સાધનાથી
વિશ્વ જંતુઓને અલૌકિક ઉપકાર કરનારા થાય છે.
પાંચ પરમેષ્ઠિની જેમ પાંચ ભૂતો પૃથ્વી ઉપર, પાંચ
ગ્રહો આકાશમાં અને પાંચ તત્ત્વો દેહમાં ઉપકારક થાય છે.

'સમગ્ર વિશ્વ પરોપકારમાં પ્રવૃત્ત છે'

એમ જાણનાર સાધક નમ્ર બને છે, કૃતજ્ઞ બને છે
તથા ત્યાગ અને દાનને પોતાનો પરમ ધર્મ સમજે છે.
ધર્મનું આચરણ નહિ થાય, ત્યારે એ મુંઝવણ અનુભવે છે
અને થાય છે, ત્યારે પ્રસન્નતાનો અનુભવ કરે છે.

પરોપકૃતિ એ તો વિશ્વનો નિયમ જ છે.

'કૃતજ્ઞતા કર્તવ્ય છે' એમ એ નિયમથી સાબિત થાય છે.

## પરોપકાર ક્યારે નિષ્ફળ જાય ?

ધર્માત્માનું મૂળ નમ્રતા છે.

કૃતજ્ઞતા વિનાનો પરોપકાર સ્વાર્થભાવ માટે જ થાય,
એથી તે મોક્ષના સાધનભૂત ન થઈ શકે.
'કૃતજ્ઞતા' શબ્દમાં પરોપકારભાવ સમાઈ જાય.
કૃત = ગુણ, જ્ઞ = જ્ઞાન, તા = ભાવ.
ગુણના સમ્યગ્જ્ઞાનનો સદ્ભાવ, તેનું નામ 'કૃતજ્ઞતા'.
કૃતજ્ઞતામાં દર્શન અને જ્ઞાન,
તત્પશ્ચાત ચારિત્ર એટલે પરોપકાર.
કૃતનું સમ્યગ્જ્ઞાન હોય, ત્યાં સમ્યગ્દર્શન પણ ઘટે.
કૃતજ્ઞભાવ વિનાનો પરોપકાર અનંત વાર કર્યો,
પરન્તુ તે સમ્યગ્જ્ઞાન-દર્શનવિહીન હોઈ નિષ્ફળ ગયો.
કૃતજ્ઞતાની કસોટી નમ્રતા છે, જે કૃતજ્ઞપણાનું ચિહ્ન છે.
બીજાના ગુણો - ઉપકારોને સ્વીકારવાનું મૂળ નમ્રતા છે.
પરોપકાર અને કૃતજ્ઞતાનો સિદ્ધાંત universal છે.
વિશ્વનું વ્યાપક સંચાલન જીવમાત્રના હિતને માટે થાય છે.

## જીવનપર્યંતની મારી સાધના પછી

'મારા માટે'નો અર્થ હું 'જગમાત્ર માટે' એમ સમજ્યો છું.
જે જગત માટે જીવે છે, તેની સુરક્ષા તો કુદરતે લેવાની જ.
તમે દાન આપી દાન લેનારને ઉપકૃત નથી જ કરતાં,
પરન્તુ તમારી જાતને ઉપકૃત કરો છો, કેમકે
દાન આપી તમે પરિગ્રહમાંથી અપરિગ્રહ તરફ,
જાતમાંથી જગત તરફ વળ્યાં છો.
સાચી સેવા ધનથી નહિ પણ તનથી અને મનથી થાય છે.
જે માનવમાં નમ્રતા નથી, તે ખરી સેવા કરી શકતો નથી.
સેવા કરી સેવ્યનો ઉપકાર માનો. તેઓની સેવા કરવાનું
લાભ પ્રાપ્ત થયું, તેનો હર્ષ વ્યક્ત કરી અનુમોદન કરો.

આઇન્સ્ટાઇન કહે છે કે:

'જે પોતાના જીવનના રક્ષણ માટે ચિંતા કરતો રહેશે,
એ જીવનને ખોઈ બેસશે અને જે પોતાના જીવનની
પ્રત્યેક ક્ષણ પ્રભુ માટે ન્યોછાવર કરી દેશે, એનું રક્ષણ
સ્વાભાવિક રીતે એનું વળી આપોઆપ જ થતું રહેશે.'

દેનાર વડો છે, લેનાર લઘુ છે.

સુકોમળ હૃદયવાળો માનવ ચેપી રોગની પેઠે પારકાના દુઃખને તુરંત ગ્રહણ કરી લે અને પછી વહોરી લીધેલાં એ દુઃખ અને શોકને દૂર કરવા ખાતર એને મદદ કરે છે.

હૃદય અને બુદ્ધિમાં વિરોધ ઉભો થયે હૃદયને અનુસરો. તર્કના મર્યાદિત કુંડાળામાંથી બુદ્ધિ બહાર નીકળી શકતી નથી.

જ્યાં બુદ્ધિ કદાપિ ન પહોંચી શકે એવા ઉચ્ચતર ભૂમિકા ઉપર હૃદય આપણને બેસાડી દે છે, જ્યાં સ્વર્ગ મુઠ્ઠીમાં છે તથા સુખ તમારા પગ તળે છે.

મુઠ્ઠી વાળવા જેટલી મક્કમતા, વાંકા વળવા જેટલી નમ્રતા-એ જો હોય, તો કશું ય અશક્ય નથી.

જેમણે કૃતજ્ઞતા, પરોપકાર, દયા અને પ્રેમના ગુણોના પરિપાક વડે 'પુરુષોત્તમ' પદ પ્રાપ્ત કર્યું તથા

શૂરતા, વીરતા, ધીરતા અને ગંભીરતાદિ ગુણોના પાલનથી જેમણે 'પુરુષસિંહ' નામ સાર્થક કર્યું,

તે શ્રી વીર પરમાત્માને કોટિ કોટિ વંદના હોજો.

શુભાશયરૂપ ધર્મમાં કારણભૂત અહિંસાદિ દશવિધ ધર્મ
અને અહિંસાદિ દશવિધ ધર્મમાં કારણભૂત મૈત્રી છે.

મૈત્રી ભાવનાં સામ્ય અને દ્વેષોપશમ દ્વારા
શુદ્ધોપયોગ રૂપ ધર્મમાં ઉપયોગી થાય છે.

મૈત્ર્યાદિ વાસના એ શુદ્ધ વાસના છે. મૈત્ર્યાદિ -
ભાવનોપબૃંહિત અનિત્યત્વાદ્યનુપ્રેક્ષાઓના અભ્યાસથી
પરમ નિર્મમત્વ અને પરમ માધ્યસ્થ્ય પ્રાપ્ત થાય છે.

મૈત્ર્યાદિ શુદ્ધ વાસનાનાં બળથી
રાગવાસના, દ્વેષવાસના, દુઃખાત્મકાનુશય વાસના,
પાપાત્મકનિમિત્તાનુશય વાસના નિવૃત્ત થાય છે અને
અશુભાનુબંધવિચ્છેદપ્રવૃત્તિ અને
ચિત્તપ્રસત્તિથી ઉત્કૃષ્ટ માધ્યસ્થ્ય આવે છે.

અપકારી પણ આપણો ઉપકારી છે. અપકાર કરવા દ્વારા
તે આપણી દયા, વાત્સલ્ય, સ્નેહ તેમ જ પરોપકાર
વૃત્તિની કસોટી કરે છે. તે કસોટીમાંથી હેમખેમ પાર
ઉતરીએ, તો સાચા પરોપકારી - વાત્સલ્યવંત કહીએ.

જીવમાત્ર પ્રત્યે આત્મૌપમ્યભાવ તે સામ છે,
સમસ્ત ભાવમાત્ર પ્રત્યે તુલ્યતાનો ભાવ તે સમ છે, જિનોક્ત
ધર્મના પ્રત્યેક અંગ પ્રત્યે આદરનો ભાવ તે સમ્મ છે.

જીવદ્રવ્યનો મૌલિક સ્વભાવ પણ
સમગ્ર જીવજગતને ઉપકારક રહેવાનો છે.
જીવતત્ત્વને ઉપગ્રહ - ઉપકાર એ વિશ્વવ્યવસ્થાનું કેન્દ્ર છે.
આમ પરસ્પરોપગ્રહ એ જીવનું વ્યવહારિક સ્વરૂપ છે.

પરસ્પર હિતાહિતમાં નિમિત્ત બનવું,
તે વ્યવહારનયનું સ્વરૂપ અને સ્વરૂપજાગૃતિ - Pure awareness એ નિશ્ચય દૃષ્ટિએ સાધનાનું કેન્દ્ર છે.

સમિતિપૂર્વકનું જીવન એટલે...
કોઈને પીડા ન થાય, એવા કાળજીપૂર્વકનું જીવન.

ગુપ્તિપૂર્વકનું જીવન એટલે...
મન - વચન - કાયાના વ્યાપારોને
સતત આત્મામાં જોડી રાખવાના અભ્યાસપૂર્વક જીવવું.
'ભાવો નહિ પણ જુઓ' એ જીવનનું ધ્યેય હોવું જોઈએ.

કૂતરું પણ ઉપકાર ભૂલતું નથી.

એક માનવી જ એવો પ્રાણી છે કે... જે પ્રભુએ
તેને માનવનો દેહ આપ્યો, તેને જ ભૂલી જાય છે.

પરોપકારના કે દેશના કામો કરતી વખતે દરેક કાર્ય
સમજી - વિચારીને કરવા, ફળની આશા ન રાખવી,
ઉપરાંત સફળતા વખતે અહં ન કરવો.

પરાર્થતારૂપી વ્યવહારધર્મ જ તીર્થ છે - મુખ્ય માર્ગ છે.
પરાર્થતાથી જ આત્માર્થ પ્રાપ્ત થાય છે.

તેનું મૂળ મૈત્રીભાવ છે. મૈત્રીનો ભાવ તો હંમેશાં
પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્યવાળો જ હોય છે.

આ પ્રકૃતિનો અટલ નિયમ છે કે:

'મારું' બોલતાંની સાથે જ
સામેથી પડઘો પડશે કે તને 'મારી નાંખું'.
'તારું' શબ્દ બોલતાંની સાથે જ
સામેથી પડઘો પડે છે કે તને 'તારી દઉં'.

સર્વભૂતહિતે રતાઃ । સર્વ જીવોના હિતમાં તત્પર બન.

મૈત્રીની આરાધનાથી સર્વ ધર્મની આરાધના થાય છે.

વિશ્વપ્રેમ એ જ મોક્ષનું દ્વાર છે.

જીવમૈત્રી એ જીવન છે અને તેનો અભાવ મૃત્યુ છે,

તેથી ઉપકાર કરવાની તક ઝડપી જ લેવી.

મનના વિચારો શુદ્ધ રાખવા પરોપકારમાં રત રહેવું.

આખું વિશ્વ જ્યારે સ્વાર્થમાં ડૂબેલું છે,

ત્યારે પરાર્થની મુખ્યતા વિના

ધર્મના મૂળરૂપ દયા કે મૈત્રીની સિદ્ધિ કેવી રીતે થાય?

પરાર્થની સિદ્ધિ એ જ સ્વાર્થની સાચી સાધના છે,

કેમકે ધર્મનું મૂળ જ પરાર્થભાવ છે.

મજૂર પણ એ રીતે જ આજીવિકા મેળવે છે,

તો યોગીઓ - સાધકોને સ્વાર્થપરાયણતા કેમ ઘટે?

સ્વાર્થ - પરાર્થ પરસ્પર સાપેક્ષ છતાં

પરાર્થમાં સ્વાર્થ છે, એ વાત વ્યવહારુ છે.

સ્વાર્થનું ઉપસર્જન અને પરાર્થની પ્રધાનતા જરૂરી છે.

સ્વાર્થ ગૌણ ન બને, ત્યાં સુધી પરાર્થ પાંગળો રહે.

## 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' ગ્રંથોના પ્રતિભાવમાં ક્રમશઃ આવેલ થોડાં પત્રોની અંશોક્તિઃ

**પ.પૂ. આચાર્યશ્રી કીર્તિચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબઃ** આગમોના અર્ક અને પ્રભુવચનોની પ્રસાદી તુલ્ય, અધ્યાત્મના રહસ્યોને સરળ ભાષાથી સમજાવતાં સચોટ ચિંતનોનો જે ખજાનો ખૂલ્લો મૂક્યો છે, તે નિરખતાં નયનો આનંદિત, હૈયું હર્ષથી પુલકિત બની જાય છે. અંતરથી ઓવારણા લઈ વ્હાલથી વધાવું છું. અધ્યાત્મયોગના માર્ગદર્શક એવા આ મહામૂલા ગ્રંથો સાધકને દોષવેદનાની તળેટીથી ઊંચકીને દોષવિરામના શિખરે પહોંચાડવાનો પરમમાર્ગ દેખાડશે. મારા પરમતારક ઉપકારી પૂજ્યપાદ ગુરૂદેવશ્રી આચાર્ય ભગવંત કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજા વાચના આપતાં, ત્યારે લગભગ દરરોજ પૂ.પંન્યાસજી મહારાજના નામોલ્લેખ સાથે 'આ અદ્ભૂત અનુપ્રેક્ષા તેઓશ્રીની છે' એમ કહી પદાર્થનો બોધ વધુ સ્પષ્ટ કરતાં. પૂજ્યશ્રીએ અક્ષયપાત્રના આલેખન દ્વારા સહુને ન્યાલ ન્યાલ કરી દીધાં છે.

– કીર્તિચન્દ્રસૂરિ

**પ.પૂ. આચાર્યશ્રી જગતચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ (ડહેલાવાળા)ઃ** આરાધનાને સૂક્ષ્મ કરનાર ઉત્તમ આલંબનરૂપ હસ્તલિખિત ડાયરીઓમાંથી ઉદ્ધૃત કરેલ 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' ગ્રંથો પ.પૂ. અજાતશત્રુપંન્યાસજી મહારાજનો અંતરંગ ખજાનો છે. સાધકોને ઉપકારક નીવડે તેવા અમૃતનું આચમન-આસ્વાદન ક્ષણે ક્ષણે ભાવઆરોગ્ય પ્રદાન કરી અધ્યાત્મજગતના અલૌકિક પ્રદેશમાં વિચરણ કરાવે છે. એક સૂચન કેઃ પ્રકાશિત ગ્રંથોમાં વિષયોની સૂચિ તૈયાર થાય તથા પરિશિષ્ટમાં અંગ્રેજીના પણ અર્થ અપાય, તો સૌને ઉપયોગી થશે. વિચારશો. – દ. [illegible]

**પ.પૂ. આચાર્યશ્રી મહાબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબઃ** આને હું અક્ષયપાત્ર કહું કે અમૃતપાત્ર? સમજાતું નથી. પૂજ્ય પંન્યાસજી મહારાજના સ્વહસ્તે લખાયેલ ડાયરીઓનું વાંચન અમૃતના ઓડકાર આપી રહ્યું છે. જીર્ણ અને જૂની ડાયરીઓને છપાવીને એકદમ ક્રેશ કરવામાં કેટલી જફા પડતી હોય છે... એ તો આ લાઈનમાં જે કામ કરતું હોય, એને જ ખબર પડે! હજારો વાચકો સુધી આવું અમૃત પહોંચાડવાને આભાર.

– [illegible] વંદના


**પ.પૂ. આચાર્યશ્રી મુક્તિવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબઃ** આધ્યાત્મિક ચિંતનોનો આ અદ્‌ભૂત રસથાળ ખરેખર અમૃતનું જ અક્ષયપાત્ર છે. ગ્રંથોનું વાંચન કરતાં અમૃતપાન જેવો જ આસ્વાદ અનુભવાય છે. ગ્રંથનો કોઈ પણ ભાગ જ્યારે હાથમાં આવે છે, ત્યારે હૃદયભુવનમાં ઉત્સવની ઘટના ઘટે છે. 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'ના સર્જન-તીર્થની મુલાકાત લીધી, ત્યારે ખરેખર તીર્થયાત્રા જેવો જ આનંદ અને રોમાંચ અનુભવ્યા. આયોજન, સૂઝ, કૌશલ્ય, નિષ્ઠા, ખંત, પરિશ્રમ, પદ્ધતિ વગેરે બધું જ દાદ માંગી લે તેવું છે.

– મુક્તિવલ્લભ સૂરિ

**પ.પૂ. આચાર્યશ્રી મુક્તિ-મુનિચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબઃ** आणन्द मध्ये विशालंसभं जनैः १०८ नमस्कार महामन्त्राः गुणिताः ।तत्पूर्वं पू.पं.श्रीभद्रङ्करविजयानां सुविशाला भावना वर्णिता। सर्वैरपि अहोभावपूर्वकं तत् सर्वं श्रुतंपालितं चाऽपि । एत-प्रभावात् पुनः जैनसङ्घे शान्तिर्भवतु । यतः तदानीमपि वि.सं.२०१६ ऽनन्तरं २०२०तमे वर्षे शान्तिः प्राप्ता आसीन् श्रीसङ्घेन । सा शान्तिः पू.पं. श्री भद्रङ्करविजय शुभ सङ्कल्पप्रभावजनिता आसीत् इति वयं मन्यामहे । इवानीमपि सप्रभावः पुनः आगच्छतु इति कामयामहं । आन्तं सर्वं पठितम् । रुचितं चाऽपि । अत्र प्रारम्भदिनेषु नमस्कार महामन्त्र जपविषयकाणि एव प्रवचनानि कृतानि । तत्र च असकृत् अस्माभिः पू.पं.गुरुदेवाः श्री भद्रङ्करविजयाः स्मृताः । सप्ताऽपि सङ्कल्पः हृदय-वैशाल्यं द्योतयन्ति । निर्मलं सम्यक्त्वं विना नेदं शक्यम् । महायोगिभ्यः तेभ्यः नमो नमः । – विजयमुक्ति-मुनिचन्द्रसूरी

**પ.પૂ. પંન્યાસશ્રી પદ્મબોધિવિજયજી મહારાજ સાહેબઃ** વર્તમાન સમયે પૂજ્યશ્રીના આ અતિ જરૂરી ચિંતન-વિચારમાંથી જે દિવ્ય સુગંધ આવે છે, તેની સોડમ સમગ્ર અસ્તિત્વને મઘમઘાયમાન કરી દે છે. કોઈક એવા સમયે હૃદયના ઊંડાણથી પંન્યાસજી મહારાજને આ વિચારો ઉદ્‌ભવ્યા છે કે વાંચતા જ દિલને તે શાતા-સાંત્વન-સમાધાન -સમાધિ-સદ્‌બુદ્ધિ પ્રદાન કરે છે. વર્ષોથી પજવતી મૂંઝવણો-સમસ્યાઓનું નિરાકરણ એમાં મલતું જાય છે. એકાંતની પળોમાં પૂજ્યશ્રી આટલા ચિંતનમગ્ન હતાં, તો જનસંપર્કમાં એમનું આ ચિંતન કેટલું ખીલતું હશે! આ શબ્દો - આ ચિંતન - આ ઊંડાણ - આ ભાવ અમારા માટે જીવન છે.

– પં. પદ્મબોધિ વિજય



ચરમ તીર્થંકર પ્રભુ મહાવીરનું સમોવસરણ

# પંચમહાભૂત અને કરૂણા

શાસ્ત્રોમાં કહ્યું છે કે: ગ્લાનની સેવા એ તીર્થંકરોની સેવા છે.
અહિંસા એ કરૂણાનું ફળ છે. તેના પાલનથી જીવો સાથેની મૈત્રી દ્રઢ થાય છે.




અવિકસિત અવસ્થામાં કરૂણાનો વિષય કેવળ પોતાનું દુઃખ હોય છે, જ્યારે
વિકસિત અવસ્થામાં કરૂણાનો વિષય વિશ્વના સઘળાં દુઃખી જીવો બને છે.
દુઃખોથી પીડિત જીવોની પીડાઓ દૂર કરવાની ઈચ્છાનું નામ છે કરૂણા.

www.fiestadesigns.in